હિંમત-ગાંધન અને સદુપયોગ

ટપાલ ખર્ચના બે આના પ્રકાશકને મોકલવાથી
આ પુસ્તક ભેટ મોકલવામાં આવશે.

વીર સંવત્ ૨૪૭૭
વિક્રમ સં. ૨૦૦૭
જાન્યુઆરી ૧૯૫૧

આવૃત્તિ ૧ લી.
પ્રત ૫૦૦૦

: મુદ્રક :
[illegible]
[illegible]
[illegible] મુંબઈ ૨

સમર્પણ

પૂજ્યપાદ આચાર્ય ગુરૂદેવ શ્રીનાગચંદ્રજી સ્વામીએ મને ભાગવતી
દીક્ષા આપીને જેમને સોંપેલા એવા સદ્‌ગુરૂ શ્રીમાન યોગનિષ્ઠ
શ્રી ત્રિલોકચંદ્રજી મહારાજ, જેમણે ઘણાં વર્ષો સુધી પોતાની સાથે
રાખી મને સાધુપણાના સદ્‌ગુણોથી કેળવી રસ્તે ચઢાવ્યો; અનેક
સ્થળે વિચરી જૈનજૈનેતર જનતામાં જેમણે પોતાના આચાર,
વિચાર અને સદુપદેશથી પ્રકાશ પાડ્યો; પરોપકારનાં
કાર્યો કરી જેમણે યશ મેળવ્યો; યોગ માર્ગે મુમુક્ષુ-
ઓને ચઢાવવાનું પોતે આદરેલ કાર્ય અણધાર્યું
અધૂરૂં મૂકી જેઓ સ્વર્ગવાસી થયા; જેમના
ઉપકારનો બદલો વાળવા હું કોઈ રીતે સમર્થ
નથી; એવા એ દિવ્ય આત્માને
(સત્‌ચિત્‌ સુખમુક્ત થયા) નીતિ-
માર્ગાનુસારીના ૩૫ નિયમોના
વિવેચન રૂપ પુષ્પોથી ગુંથા-
એલી આ પુસ્તક રૂપ
માળા અર્ધ્ય રૂપે
સમર્પણ કરી હું
કૃતકૃત્ય થાઉં
છું

ૐ શાંતિ!

આ ભા ર

આ પુસ્તક સંવત ૧૯૯૯ની સાલથી ભાવના રૂપે હૃદયમાં પ્રગટ્યું. સં. ૨૦૦૦ની સાલમાં ખરડા (કાચા લખાણ) રૂપે દ્રશ્યમાન થયું યોગશાસ્ત્ર, ધર્મબિંદુ, કર્તવ્યકૌમુદી વિગેરે પુસ્તકો વાંચી કંઈક સુધારો વધારો કરાયો.

કેટલીક લેખન, સંશોધન વિગેરે આવશ્યક પ્રવૃત્તિને વર્જીને આ પુસ્તકનું પાકું લખાણ ઘણે લાંબે વખતે સં. ૨૦૦૬ ચૈત્ર માસમાં પૂર્ણ કરી શકાયું

આ પુસ્તકમાં સહાયક બનેલાં ઉપરોક્ત પુસ્તકોના કર્તાઓનો આભાર માનવામાં આવે છે.

લાંબે વખતે પણ આ પુસ્તક પૂર્ણ થતાં સુધી અન્ય દરેક કાર્યોમાં સહાયક બનેલા તપસ્વી, સેવાભાવી મહારાજ શ્રીકૃષ્ણજી સ્વામીનો મહાન ઉપકાર કોઈ રીતે ભૂલાય તેમ નથી.

જૈન-જૈનેતર, સ્ત્રી-પુરૂષો, નાના-મોટા દરેક વર્ગને અતિ ઉપયોગી એવું આ નાનકડું પુસ્તક વાચકો વાંચી સાર ગ્રહણ કરી કિંચિત્ પણ અમલમાં ઉતારશે, આત્માને સુધારશે તો લેખકના લેખનની સફળતા અને પ્રકાશકના દ્રવ્યનો સદુપયોગ થયો ગણાશે.

સુજ્ઞેષુ કિં બહુના! ૐ શાંતિ!!!

પૂજ્યપાદ આચાર્ય શ્રીનાગચંદ્રજી સ્વામીના શિષ્ય
મુનિ રત્નચંદ્રજી, કચ્છ દેશ.

આ પુસ્તકના પ્રકાશનમાં સહાય આપનારનાં શુભાશુભ નામો.

આ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવામાં નીચેના ધર્મપ્રેમી ગૃહસ્થ સદ્‌ગૃહસ્થોએ સહાય કરી છે. આ પુસ્તકોની કુલ પાંચ હજાર નકલ છપાવવામાં આવી છે અને તેનો વિના મૂલ્ય પ્રચાર કરવા માટે નીચેના સદ્‌ગૃહસ્થોના નામની સામે લખેલ રકમ તેઓશ્રીઓએ આપેલી છે

રૂ. ૧૫૦૦. શા. વીરજી હીરજી. કુંદરોડી કચ્છ.

રૂ. ૯૦૦. શ્રી વીરજી દેવન છેડા, આણંદજી દેવન છેડા તથા ખેતશી દેવન છેડા તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી દેવન મુરજ છેડાના સ્મરણાર્થે. વાંકી કચ્છ.

રૂ. ૬૦૦. રામજી કુરપાર શાહ તેમના પિતાશ્રી કુરપાર વેલજી શાહના સ્મરણાર્થે. ગોધરા કચ્છ.

રૂ. ૩૦૦ શાહ નાગશી હીરજી લાખાપુર કચ્છ. (હાલ નાગપુર).

રૂ. ૩૦૦ શ્રી સુંદરલાલ વેલચંદ શાહ, ધાનેરા તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી વેલચંદ હરિચંદના સ્મરણાર્થે.

આ પુસ્તક છપાવવાના ખર્ચ માટે ઉપર પ્રમાણે સહાય આપનાર આ સર્વ સદ્‌ગૃહસ્થોના અમો આભારી છીએ.

લિ. મુનિ નાનજી

પ્રસ્તાવના.

નીતિ માર્ગાનુસારી એટલે નીતિના માર્ગને અનુસરનાર. એટલેકે માણસાઈવાળો અથવા મનુષ્યપણાના આચારવાળો માણસ.

શ્રી. હરિભદ્રસૂરીએ ગૃહસ્થના સામાન્ય ધર્મને અનુસરવા માટે જે બોલ, નિયમો લખ્યા છે તે લગભગ ૪૪ છે. જ્યારે એના ઉપરથી શ્રી. હેમચંદ્રાચાર્યે પાંત્રીશની સંખ્યા નિયત કરેલી છે. એ પાંત્રીશ બોલ જુદે જુદે ઠેકાણે પ્રચાર પામ્યા છે તેમાં દરેકે એક સરખા એ બોલ રાખ્યા નથી. પરંતુ તેમાં સ્વમતિ અનુસાર યોગ્ય ફેરફારો મૂળ અને વિવેચનમાં કર્યા જણાય છે.

આ પુસ્તકમાં શ્રી. હેમચંદ્રાચાર્યના યોગ શાસ્ત્રમાં આપેલા શ્લોકો લઈ તે ઉપર વિવેચન કરેલ છે.

પ્રથમ જ્યાં મૂળ જ ન હોય ત્યાં શાખા, પ્રતિશાખા ક્યાંથી હોય? ન જ હોય. તેજ પ્રમાણે મનુષ્ય જન્મ તો મળ્યો પણ માણસાઈ કે મનુષ્ય-ગુણો, લક્ષણો કે આચારજ ન હોય ત્યાં નીતિ ન હોય. જ્યાં નીતિ હોય ત્યાં ગૃહસ્થાશ્રમની ફરજો બરાબર પાળી શકાયજ નહિ.

જ્યાંસુધી માણસાઈ કે સંપૂર્ણ નીતિ માણસમાં ન આવે ત્યાંસુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ ન હોય. સમ્યક્ત્વની પ્રાપ્તિ સિવાય શ્રાવક કુળમાં કે જૈન કુળમાં અવતરેલ હોવાથી ફક્ત નામનોજ જૈન કે શ્રાવક કહેવાય.

આચારશાસ્ત્રી સાધુ હોવાના મનુષ્યમાં પાત્રતાઈ, નીતિ કે સાધુતા ન હોય અને શ્રાવક કહેવાના આત્માઓમાં શ્રાવકપણું નહિ હોય તો તે નામ નિષ્ફળ છે.

માટે નીતિમાર્ગાનુસારીના અથવા પાત્રતાઈના આ ૩૫ પાંત્રીસ બોલને—નિયમોને, વીતરાગતા, મુનિતા, સાધુતા, શ્રાવકપણું, સમ્યક્ત્વ અને ગૃહસ્થાશ્રમીપણું વિગેરે કહિએ ઉચ્ચ સ્થાન પ્રાપ્તિના પ્રથમ પગથિયાં રૂપ ગણવા એજ ઉચિત છે

ગૃહસ્થાશ્રમમાં રહેલા, સત્ય વસ્તુસ્થિતિને સમજીને સમ્યક્ત્વને ન પામેલા એવા મનુષ્ય માત્રને ઉભયને માટે આ પાંત્રીસ બોલો, નિયમોને સમજીને પાળવાની આવશ્યકતા છે.

નીતિ માર્ગાનુસારીના ૩૫ બોલ.

અનુક્રમણિકા

નીતિ માર્ગાનુસારીના

પાંત્રીશ બોલ

નીતિ એટલે સદ્વૃત્તિ, સારી વૃત્તિ, સન્માર્ગે. નીતિ વગરો આપણી મનુષ્ય સામાન્ય રીતે બીજાને નુકસાન પહોંચવું હોય તો પણ તેથી પોતાનો સ્વાર્થ સધાતો હોય તો તેવું કામ, તેવું આચરણ કરવામાં આતુર હોય છે. આવી અતિ સ્વાર્થી વર્તનથી મનુષ્યોમાં એક બીજા સાથે અંતરાય ઘર્ષણ ઉત્પન્ન થાય છે. તેથી અશાંતિ ઉપજે છે અને સંસાર [illegible] પડે છે. આવું વર્તન અનીતિ ગણાય છે.

શાંતિ અને સુખ દરેક મનુષ્યને પ્રિય હોય છે. સંસાર [illegible] શાંતિ-પૂર્વક અને સુખપૂર્વક [illegible] અનીતિ છોડી નીતિનો સ્વીકાર [illegible] જીવન [illegible]

સુખ સૌને પ્રિય છે પરંતુ માણસો જ્યારે સુખનો વિચાર કરે છે ત્યારે તેઓ આ સંસારમાં મળતાં સુખોનોજ વિચાર કરે છે પરંતુ સંસારનાં સર્વસુખો ક્ષણિક છે, નાશવંત છે, થોડીક વખતજ સુખ આપનારાં છે, પછી તો દુઃખમાંજ પરિણમે છે

સંસારના સર્વ સુખદુઃખ કર્માધીન છે. ખરું શાશ્વત સુખ આ કર્મોથી છૂટવાથીજ મળે છે. શુભાશુભ સર્વ કર્મોમાંથી મુક્તિ મેળવવાથીજ સાચું સુખ પ્રાપ્ત થાય છે. આવું પરમ સુખ, આવી પરમ મુક્તિ મનુષ્ય ભવમાંજ મેળવી શકાય છે તેથી જ્ઞાનીઓએ મનુષ્ય ભવને દુર્લભ કહેલ છે અને એટલા માટેજ મનુષ્ય ભવ, મનુષ્ય યોનિને બીજી યોનિઓ કરતાં ઉત્તમ કહેલ છે.

સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાને કર્મ-મુક્તિ થવાનાં, મોક્ષ પ્રાપ્ત કરવાનાં ચાર અંગો—સાધનો બતાવ્યાં છે—

(૧) મનુષ્યત્વ, મનુષ્યપણું,

(૨) શ્રુતિ, રુચિપૂર્વક શાસ્ત્રનું સાંભળવું,

(૩) શ્રદ્ધા, સર્વજ્ઞ તીર્થંકર ભગવાનના વચનો ઉપર પુરો વિશ્વાસ અને

(૪) ઈન્દ્રિયો તેમજ મનને વશ કરવા રૂપ સંયમ ને વિષે પરાક્રમ-ઉદ્યમ ફોરવવો.

આ ચારે બાબતો શ્રેષ્ઠ છે અને મનુષ્ય ભવે પણ પરમ દુર્લભ છે. (જુઓ ઉત્તરાધ્યયન ૩—૧).

મનુષ્યપણું એટલે માણસાઈ. માણસ બીજા માણસો સાથેના પ્રતિકૂળ વર્તનમાં હમેશાં એવો ખ્યાલ રાખે કે સામો માણસ એવુંજ વર્તન મારી સામે રાખે તો મને કેવું લાગે? આવા ખ્યાલ સાથેનું વર્તન તેજ માણસાઈ. આવા ખ્યાલથી વર્તન કરવામાં આવે તો કદી ખોટું વર્તન થઈ શકેજ નહિ.

આવા વર્તનથી માણસ બીજા બધા માણસોને પોતાના જેવાજ ગણતાં શીખે છે. આત્મવત્ સર્વ ભૂતેષુ જેવી ભાવના તેનામાં પ્રગટ થાય છે. દરેક માણસને તે પોતાના આત્મા જેવોજ ગણવા લાગે છે.

ઉપર જણાવેલી ચાર દુર્લભ વસ્તુઓમાં સૌથી પહેલી દુર્લભ વસ્તુ માણસાઈને ગણાવેલ છે. આવી માણસાઈ પ્રાપ્ત થતાં સત્સમાગમની ઈચ્છા ઉત્પન્ન થાય છે. સત્સમાગમથી શાસ્ત્ર સાંભળવાની રૂચિ પેદા થાય છે. શાસ્ત્રશ્રવણથી સારાસારનું જ્ઞાન થાય છે, સત્ય વસ્તુનું સ્વરૂપ સમજાય છે. એ રીતે બીજી પણ દુર્લભ વસ્તુ પ્રાપ્ત થાય છે.

જાણવાયોગ્ય, આદરવાયોગ્ય અને છોડવાયોગ્ય વસ્તુઓનું યથાર્થ સ્વરૂપ સમજવાથી જિનવચન ઉપર શ્રદ્ધા—વિશ્વાસ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ત્રીજી દુર્લભ વસ્તુ પ્રગટે છે.

દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે અખંડ શ્રદ્ધારૂપ સમકિત સહિત વ્રતનિયમ, તપત્યાગ વિગેરે ધર્મકરણી કરવામાં પુરૂષાર્થ-ઉદ્યમ કરવામાં આવે એ મોક્ષનું ચોથું અંગ છે. આ ચારેય દુર્લભ અને ઉત્તમ અંગો પ્રાપ્ત થતાં સ્વલ્પ કાળમાં આત્મા મુક્તિ પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે મનુષ્યપણું, માણસાઈ આત્માનો વિકાસ કરી તેને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. પાંત્રીશ પ્રકારના નિયમો પાળીને, પાંત્રીશ પ્રકારના ગુણો ધારણ કરીને નીતિમાર્ગને અનુસરવાથી મનુષ્યમાં આવી માણસાઈ પ્રગટ થાય છે. એ પાંત્રીશ બોલ અથવા નિયમોથી હેમચંદ્રાચાર્યે તેમના યોગશાસ્ત્રમાં વર્ણવ્યા છે. તેને નીતિમાર્ગાનુસારીના પાંત્રીશ બોલ કહેવામાં આવે છે તેનું વર્ણન કરતા શ્લોકો નીચે પ્રમાણે છે.

નીતિમાર્ગાનુસારીના પાંત્રીશ બોલના યોગશાસ્ત્રમાં બતાવેલા શ્લોકો

न्यायसम्पन्नविभवः, शिष्टाचारप्रशंसकः ।
कुलशीलसमैः सार्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥ १ ॥

पापभीरुः प्रसिद्धं च, देशाचारं समाचरन् ।
अवर्णवादी न क्वापि, राजादिषु विशेषतः ॥ २ ॥

अनतिव्यक्तगुप्ते च, स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गम द्वार विवर्जित निकेतनः ॥ ३ ॥

कृतसंगः सदाचारै मातापित्रोश्च पूजकः ।
त्यजन्नुपप्लुतं स्थान मप्रवृत्तश्च गर्हिते ॥ ४ ॥

व्ययमायो चितं कुर्वन्, वेषं वित्तानुसारतः ।
अष्टभि र्धीगुणै र्युक्तः, शृण्वानो धर्ममन्वहम् ॥ ५ ॥

अजीर्णे भोजनत्यागी, काले भोक्ता च सात्म्यतः ।
अन्योऽन्याप्रतिबंधेन, त्रिवर्गमपि साधयेत् ॥ ६ ॥

यथावदतिथौ साधौ, दीने च प्रतिपत्तिकृत् ।
सदाऽनभिनिविष्टश्च, पक्षपाती गुणेषु च ॥ ७ ॥

अदेशाकालयोश्चर्यां, त्यजन् जानन् बलाबलम् ।
वृत्तस्थज्ञानवृद्धानां, पूजकः पोष्यपोषकः ॥ ८ ॥

दीर्घदर्शी विशेषतः, कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः, परोपकृतिकर्मठः ॥ ९ ॥

अन्तरंगारिषड्वर्ग परिहार परायणः ।
वशीकृतेन्द्रियग्रामो, गृहि धर्माय कल्पते ॥ १० ॥

અર્થ

૧ ન્યાયથી ધન ઉપાર્જન કરવું.
૨. શિષ્ટ પુરુષના આચારની પ્રશંસા કરવી.
૩. સમાન કુળ શીલવાળા પણ અન્ય ગોત્રીની સાથે લગ્ન કરવું.
૪. પાપનો ડર રાખવો.
૫. દેશના પ્રસિદ્ધ આચારોનું પાલન કરવું.
૬. કોઈના અવર્ણવાદ બોલવા નહિ. તેમાં પણ ખાસ કરીને રાજાની નિંદા તો કરવીજ નહિ.
૭. અતિ ગુપ્ત તથા અતિ પ્રગટ નહિ તેવા તથા સારા પાડોશવાળા સ્થાનમાં જેમાં જવા આવવા માટેના અનેક દ્વાર ન હોય તેવા ઘરમાં રહેવું.
૮. હમેશાં સારા આચરણવાળા સાથે સંબંધ રાખવો.
૯. માતાપિતાની સેવાભક્તિ કરવી.
૧૦. ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો.
૧૧. નિંદિત કાર્યોમાં પ્રવૃત્તિ ન કરવી.
૧૨ આવકના પ્રમાણમાં ખર્ચ કરવો.
૧૩ લક્ષ્મી (વિભવ) અનુસારે વેષ ધારણ કરવો.
૧૪ બુદ્ધિના આઠ ગુણ મેળવવા.
૧૫ નિરંતર ધર્મનું શ્રવણ કરવું.
૧૬ અજીર્ણ હોય ત્યાં સુધી ભોજન કરવું નહિ.
૧૭ હમેશા સમય પ્રમાણે પરસ્પરને વિરોધ વિના ભોજન કરવું.
૧૮ પરસ્પર વિરોધ ન આવે તેમ ધર્મ અર્થ અને કામ એ ત્રણ વર્ગને સાધવા.

૧૯. અતિથિ, દીન પુરૂષોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરવો.
૨૦ કોઈપણ વાતમાં કદાગ્રહ કરવો નહિ.
૨૧. ગુણીજનોનો પક્ષપાત કરવો.
૨૨. દેશ તથા કાળ વિરૂદ્ધ આચારનો ત્યાગ કરવો.
૨૩. કાર્યના પ્રારંભમાં પોતાના બળાબળને જાણવું
૨૪. વ્રત અને જ્ઞાન વડે મોટા હોય એવા પુરૂષોની સેવા કરવી.
૨૫. પોષણ કરવા યોગ્ય જનોનું પોષણ કરવું
૨૬ દીર્ઘદર્શી થવું દરેક કાર્યમાં પૂર્વાપર વિચાર કરવો.
૨૭. કૃત્યાકૃત્યના તફાવતના વિશેષ પ્રકારે જ્ઞાતા થવું
૨૮. કરેલા ગુણને (ઉપકારને) જાણવો, કૃતજ્ઞ થવું
૨૯. લોકની પ્રીતિ મેળવવી
૩૦. લજ્જાવાન રહેવું
૩૧. દયા રાખવી.
૩૨. શાંત સ્વભાવવાળા થવું
૩૩. પરોપકાર કરવામાં તત્પર રહેવું.
૩૪. કામ, ક્રોધ આદિ છ અંતરશત્રુઓને જીતવા.
૩૫. ઈંદ્રિયોને વશ રાખવી.

નીતિ માર્ગાનુસારીના
પાંત્રીશ બોલની

સજ્ઝાય

પાંત્રીશ બોલ અમને ભણ યાદ રાખવા કઠીન પડે સામાન્ય રીતે મનુષ્યને પાંત્રીશ બોલ કંઠાગ્ર યાદ નહી શકે નહિ પણ તે બોલોને જે સજ્ઝાયમાં ગોઠવ્યા હોય તો તેનું સ્મરણ જલ્દી યાદ રહી શકે અને આનંદથી ગાઈ શકાય

અને તેથી આનંદની સાથે પાંત્રીશે બોલ કમ વાર યાદ રહી શકે. ક્રમ હમેશાં ગાવાથી પાંત્રીશ બોલને હમેશાં યાદ કરી શકાય.

એટલા માટે પૂજ્યપાદ આચાર્ય ગુરુદેવ શ્રી નાગચંદ્રજી સ્વામીએ પાંત્રીશ બોલની સજ્ઝાય બનાવી છે તે દરેક જીજ્ઞાસુ જને મોઢે કરવા જેવી છે તેથી તે અત્રે આપેલી છે.

(રાગ—ઓધવજી સંદેશો કહેજો શ્યામને)

ન્યાય થકી ધન સંપાદન કરવું સદા,
શિષ્ટાચાર પ્રશંસા કરવી નિત્ય જો;
સ્વગોત્રી સાથે સરપણ કરવું નહિ,
પાપભીરુ થઈ વર્તો માર્ગે સત્ય જો.
માર્ગાનુસારીના ગુણને ધારજો—એ ટેક. ૧

પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું,
કોઈના અવર્ણવાદ ન બોલવા મુખ જો;
અતિ ગુપ્ત અતિ પ્રગટું સ્થાનક વર્જવું,
શુભ પડોશમાં વસતાં થાશે સુખ જો—માર્ગા૦ ૨

સારા જનની સોબતમાં વસવું સદા,
વિનયે માતપિતાની કરવી સેવ જો;
ભયવાળા સ્થાનકમાં કદિ વસવું નહિ,
નિંદિત કાર્યની તજવી ખોટી ટેવ જો—માર્ગા૦ ૩

આવકને અનુસારે ખર્ચ કરવો ઘટે,
સ્વચ્છતાપૂર્વક ધરવો સાદો વેષ જો;
આઠ ગુણો બુદ્ધિના ઉરમાં ધારવા,
અજીર્ણે નહિ ભોજન કરવું વિશેષ જો—માર્ગા૦ ૪

વેપાર

'કૂડ ત્યાં ધૂળ' આ વાક્ય લક્ષમાં રાખી નીતિ, ન્યાય ને સત્યતા પૂર્વક વ્યાપાર કરવો એ વ્યાપારનીતિ ગણાય છે.

અનાજ, રસકસ, કાપડ, મરી મસાલા, લાકડું, ઔષધિ અને કરિયાણું પ્રમુખ અનેક ચીજોના વ્યાપાર કરાય છે.

વ્યાપારી કેવો હોય?

વેચવા યોગ્ય વસ્તુનો વ્યાજબી અને એકજ ભાવ રાખે જે માલ જેવો બતાવે તેવો અને તેજ આપે, ભેળસંભેળ ન કરે. ઓછું આપે નહિ અને વધારે લે નહિ. કોઈ માણસ વિશ્વાસે કંઈ વસ્તુ વેચાતી લેવા આવે તેની પાસેથી પ્રમાણથી વધારે પૈસા ન લે.

ગરીબ માણસોને માલ આપતાં વિશેષ લાભ મેળવવાની ઈચ્છા ન કરે. સસ્તે ભાવે ખરીદેલા માલના ભાવ દુકાળના સમયે બહુજ ચીરીને વધારે ન લે. કોટામાં દયા રાખે.

ઉધાર આપતાં ગમણાં ત્રમણાં દામ ચોપડે ન ચઢાવે. બીજા વ્યાપારીઓના ગ્રાહકો તોડી તેમને આડે ન આવે. પોતાના ભાગીદારને છેતરી ખાનગી વ્યાપાર કરી ધન મેળવે નહિ. ધર્માદાની રકમ પચાવી પાડે નહિ.

દાણચોરી કરે નહિ. સડેલાં ધાન્ય, વેજીટેબલ વિગેરે બનાવટી પદાર્થો લોભદ્રષ્ટિથી વિશેષ લાભની ઈચ્છાથી ખરીદીને વેચે નહિ. ચોરીના માલને ઉત્તેજન આપે નહિ. ચોરીનો માલ જાણીબુઝીને ખરીદે નહિ.

ગરીબ માણસોએ બહુ મહેનતે તૈયાર કરેલ માલ લેતાં તેની કિંમત બજારભાવ કરતાં કસીકસીને તદ્દન ઓછી ન આપે નોકરો પાસેથી અનિયમિત હદ ઉપરાંત કામ લઈને પગાર ઓછો આપે નહિ.

જેની પાસેથી માલ ખરીદે તેના પૈસા તરત આપી દે. ઈત્યાદિક નીતિ, ન્યાય અને સત્યતાપૂર્વક વર્તે તેજ વ્યાપારી માણસાઈવાળો અને સાચી વ્યાપારનીતિ વાળો ગણાય.

નોકરી કરનાર કેવો હોય?

નોકરી કરનાર નોકર શેઠની નોકરી—સેવા બરાબર બજાવે. જો શેઠ કદરદાન ન હોય તો તેની નોકરી છોડી દે. પરંતુ અનીતિ, અન્યાય, છેતરપિંડી, ચોરી કે ફરેબ કરી દાનત બદ ન રાખે. પોતાના ઘરનું કામ જેવી કાળજીથી કરે તેવીજ કાળજીથી શેઠની નોકરી બજાવે.

શેઠને પૂછ્યા વગર શેઠના પૈસાથી પોતાનો ખાનગી વ્યાપાર ચલાવે નહિ. પોતાના તાબામાં રહેલા શેઠના પગારદાર નોકરો પાસેથી પોતાના ખાનગી ઘરના કામ કરાવે નહિ. શેઠને વધુ કસ—વટાવ થવા માટે ગ્રાહકોને છેતરે નહિ.

શેઠ અનીતિવાળો હોય, કૂડ—કપટ કરનાર હોય અને તેજ પ્રમાણે વર્તવા શીખવતો હોય તો તેવા શેઠની નોકરી ન કરવી. અધિક પગાર મેળવવાની લાલચથી કે શેઠને રાજી રાખવાની ઈચ્છાથી ગ્રાહકોને છેતરી કૂડ—કપટ કે અનીતિથી વર્તવા જતાં પરિણામે 'ખાઈ ગયો જમાઈ અને કુટાઈ ગયો ઢોલી' આવા બેહાલ થવા પામે.

પોતાના ધર્મની ટેક (નિત્ય નિયમ) સાચવીને શેઠની નોકરી કષ્ટ વેઠીને પણ બરાબર બજાવવી, અંગના હરામી ન થવું.

વ્યસનોમાં ફસાઈ ખોટા ખર્ચા ન કરવા. આરોગ્ય જાળવી, જીભ ઉપર ખાવામાં તથા બોલવામાં કાબૂ રાખી શેઠની હાજરી કે ગેરહાજરીમાં નિયમિત પ્રમાણિકતાથી નોકરી બજાવવી.

કાચા સોના ઉપર બેસાડે એટલે કે શેઠની ગમે તેટલી મોટી રકમ પોતાના હાથમાં હોય, શેઠનું ગમે તેટલું જોખમ—ધન વિગેરે સાચવવાં પણ તેમાંનું કંઈપણ ઉચાપત કરવા જેવી વૃત્તિ થવા દે નહિ. 'દાનત

મટ તો રોટી આપ' 'દાનત સાફ તો ગુના માફ' આવી રીતે નોકરી કરી ધન મેળવે તે જ સાચો સેવક અને માણસાઈવાળો ગણાય.

ધીરધાર કરનાર કેવો હોય?

માણસને જ્યારે આપત્તિ આવે કે આવકના અભાવે, વ્યાપારમાં નુકશાની થવાથી કે લુંટફાટ, અગ્નિ વિગેરે કારણે મુશ્કેલીમાં આવી પડતાં કુટુંબ નિર્વાહ કરવા કે આબરૂ સાચવવા માટે સ્થાવર મિલકત-ખેતર, વાડી, જગ્યા, ઘરેણાં વિગેરે આડાણે-ગીરવી મૂકવાની જરૂર પડે છે. આવે પ્રસંગે ધનવાન કે ધીરધારનો ધંધો કરનારને શરણે જવું પડે છે.

આવે વખતે તેવા માણસને કંઈ પણ સ્થાવર મિલ્કત લીધા કે રાખ્યા વગર મિત્રભાવે, દયાબુદ્ધિથી જોઈતી રકમની જે સહાયતા કરે તેની તો બલિહારી છે. પરંતુ તેટલી ઉદારતા ન હોય તો છેવટ કંઈ પણ સ્થાવર મિલકત રાખીને કે વગર આધારે વ્યાજે નાણાં આપી સામા માણસની આબરૂ સાચવવામાં સહાયક બને તે પણ સારો માણસ ગણાય.

આવે વખતે ધીરધાર કરનાર કે ધનપતિ ગૃહસ્થે આફતમાં આવી પડેલા સ્થાવર મિલ્કતવાળા માણસને પણ વ્યાજે ધન આપતાં અધિક વ્યાજ ન લેવું જોઈએ. તદન નિરાધાર ગરીબ માણસ પાસેથી અધિક વ્યાજ લેવું એ તો તેનું લોહી ચૂસવા બરાબર છે.

કોઈ વિશ્વાસુ માણસ સારો માણસ જાણી વિશ્વાસે કંઈ કિંમતી વસ્તુ વગર સાક્ષીએ કે વગર લખાણે થાપણ રાખી ગયો અને પછી લેવા આવે ત્યારે નામંજુર થવું, તે વસ્તુ પચાવી પાડવી; અગર તે માણસ મરી ગયો (તેના વારસદારને ખબર હોય કે ન હોય) તેની વસ્તુ પોતાની કરી રાખવી તે વિશ્વાસઘાત અને અનીતિ ગણાય છે

ભલા વિશ્વાસુ મિત્રોને દગો, તેની ગુપ્ત વાતો પ્રગટ કરી, તેને નુકશાન કરી, દગો પ્રપંચ કરી તેની પાસેથી કંઈ લઈ લેવું તે પણ

અનીતિ ગણાય. આવા પ્રસંગે નીતિ, સચ્ચાઈ અને દયાને જે માણસ દિલમાં રાખે છે તે માણસાઈવાળો ગણાય છે.

હુન્નર-ઉદ્યોગ કરનાર કેવો હોય?

ધન મેળવવા માટે લોકો વિવિધ પ્રકારના હુન્નર–ઉદ્યોગ કરી રહ્યા છે. સઈ, સુતાર, સોની, કંસારા, કંદોઈ, મણિયાર, લુહાર, રંગારા, ચિત્રકાર, ઝવેરી વગેરે અનેક કારીગરો હુન્નર–ઉદ્યોગ દ્વારા વિવિધ-વસ્તુઓ બનાવે છે. તેમાં પણ ઘણા કારીગરો કૂડ કરે છે.

હલકી વસ્તુ ઉપર ઓપ ચડાવી રૂપાળી અને આકર્ષક બનાવી મોંઘા મૂલ્યે વેચે છે. ઉંચા માલના લેબલ લગાડી અંદર હલકો અને અધૂરો માલ ભરે છે. હીરાને બદલે ઈમીટેશન [બનાવટી] વાપરે છે. વસ્તુ બનાવવાની વરધી આપી જનારનો સારો માલ છુપાવી હલકો વાપરે. કદાચ સારો માલ વાપરે [સારો માલ વાપરી વસ્તુ બનાવે] તો પૂરેપૂરો પાછો ન આપે.

આવી રીતે કૂડ કરનારને પાપનો ઘડો ફૂટે ત્યારે [illegible] ઘેબર બનાવનાર કંદોઈની માફક રોવું પડે છે. આ પ્રમાણે કૂડ ન કરતાં નીતિપૂર્વક વસ્તુ બનાવી, યથાર્થ [વાજબી] રીતે વેચીને ધન કમાય તે માણસ માણસાઈવાળો કારીગર ગણાય.

વૈદ્ય-ડોક્ટર કેવા હોય?

આજ કાલ [illegible] ન્યાય—નીતિ ને દયાને [illegible]

નપાસના જવાની ફી ૫૦ ઉપરાંત લઈ લે. પ્રથમ જરા સારી દવા આપી કંઈક ફાયદો જણાવે અને દર્દીને વિશ્વાસ આવે એટલે પાછી દવા બદલાવી દર્દ લંબાય તેમ કરી દર્દી પાસેથી વધારે પૈસા કઢાવે.

આજ કાલ તો ઇન્જેક્શનનો [દવાઓ ભરાવવાનો] વા વાયો છે. ડૉક્ટર પણ આમ કરીને જલ્દી આરામ થવાની લાલચ આપી રસીઓ [illegible] સજા આપે છે. કારણ કે એ રસ્તે કમાણી ખૂબ થાય. બે ચાર આનાની રસીના બે ચાર રૂપીયા પેદા કરે. પોતાનું પ્રીસ્ક્રિપ્શન [દવાની ચિઠ્ઠી] બીજા ડૉક્ટરને બતાવવા ન આપે કારણ પોતાની પોલ ખુલ્લી થઈ જાય. ઇત્યાદિક અનીતિ ભરેલું ધન પેદા કરનાર ડૉક્ટરો આજકાલ [illegible] જણાય.

જ્યારે કેટલાક માણસાઈવાળા ડૉક્ટરો દયાળુ, નીતિવાળા, પરોપકારી, ધર્મભાવવાળા, વિશેષ લોભ ન રાખનાર સંતોષ વૃત્તિવાળા પણ હોય છે. પરંતુ તેવા તો [illegible] વિરલા જ હોય છે.

જુગારી, સટોડીયા અને ચોરી કરનાર

[illegible]

[illegible]

'હારે જુગારી બમણું રમે' આ રીતે મૂળની મૂંડી ખોઈને કરજદાર બને છે. લેણદાર માંગવા આવે એટલે ક્યાંક ભાગી છૂટવું પડે છે. લાચારી ભોગવવી પડે છે. જીંદગી બરબાદ થાય છે. ધર્મ, કર્મ કે નીતિથી ભ્રષ્ટ થવાય છે અને છેવટ દુર્ગતિનાં દુઃખ ભોગવવાં પડે છે.

સટ્ટો અને છકડો પણ એ તો સાહુકારી જુગાર છે. ઘડીકમાં લક્ષાધિપતિ અને ઘડીકમાં કંગાલાધિપતિ (ભિખારી) બની જાય. છતાંમાં ઘણી જુની પેઢીઓ જે વેપાર કરતાં હજારો લાખો કમાતી તેમે સટ્ટા કે છકડા પંથમાં ઉતરીને દેવાળાં કાઢ્યાં અને તેમનું નામનિશાન જ ન રહ્યું.

વળી ઘણા વ્યાપારીઓ—કુશળતાથી વ્યાપાર કરી પોતાના કુટુંબનું સુખેથી પોષણ કરતા અને કેટલાક લોકો તો પોતાની પાસે પૂરતી મૂડી થતાં ધંધો બંધ કરી દેશમાં બેસી રહેતા. પરંતુ જો ધર્મકાર્યોમાં ચિત્ત ન જોડ્યું—સંતોષ ન રાખી શક્યા અને પાછા સટ્ટામાં—છકડા પંથમાં ઉતર્યા તો મૂળની મૂંડી ખોઈ અને કરજદાર બન્યા. વળી પાછા વૃદ્ધ અવસ્થામાં પહેલાં જેવો પાછો. એવા અનેક દાખલા મળી શકે છે. માટે એ પણ ધંધો માણસાઈ વગરનો છે.

ચોરી તો ખાનદાન કોઈ માણસ ન જ કરે. સિંહને સો લાંઘણ થાય છતાં ઘાસ કદિ ન જ ખાય. તેમ કુલીન માણસ ખાવા ન મળે તો પેટે પાટા બાંધે પણ અણહક્કની પારકી વસ્તુ લેવાની—રજા વગર ચોરી લેવાની—પડેલી લેવાની કે પડાવી પાડવાની ઈચ્છા સરખી પણ ન કરે. અભક્ષ—ન ખાવા યોગ્ય ન ખાય. અપેય—ન પીવા યોગ્ય ન પીએ.

પારકી વસ્તુ પડાવી લેતાં વસ્તુના માલેકની જે આંતરડી દુભાય તે મોટી હિંસા મનાય છે. તેમાં પણ અબળા સ્ત્રી અને ગરીબ માણસનું કંઈ પણ લોભની વૃત્તિથી પડાવી પાડવું ને તેમના નિસાસા લેવા એ પૂરેપૂરા પાપાચારીની નિશાની છે.

[illegible]

[illegible]

એવું સમજી માણસાઈવાળો માણસ આપત્તિ પ્રસંગે કે અન્ય પ્રસંગે અણહકની વસ્તુ માલેકની રજા વગર છેતરપિંડી કરી લેવાની દાનત ન રાખે. કાળાં બજાર ન કરે

અનીતિ, અન્યાય કે કૂડ કપટ કરી હદ ઉપરાંત નફો મેળવવો કે લાખો એકઠી કરવી એ શાહુકારી ચોરી ગણાય. આવી રીતે ધન સંચય કરી બનેલા શ્રીમંતોની લોભાપત, કુદરતી, વાવાઝોડાં કે અતિવૃષ્ટિ વિગેરે પ્રસંગે કેવી પાયમાલી થઈ? અને થાય છે તે જગમશહુર છે મોટી ચોરીનાં જે પરિણામો—માઠાં ફળો આવે છે તે તો સહુ કોઈ જાણે છે. માટે માણસાઈવાળો માણસ મોટી ચોરી કે શાહુકારી ચોરી પણ ન કરે. 'દાનત બદ તો ચોરી અબ' 'દાનત સાફ તો ગુના માફ'

રાજા

રાજા એ પ્રજાનો નાયક, પુત્રનું પૂરનું ગણાય. રાજાને પ્રજાનો આધાર અને પ્રજાને રાજાનો આધાર હોય છે. રાજનીતિ સમજે તે રાજા. પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી તે રાજા. પ્રજા વત્સલીને પોતાની સંતતિ આગમચ્યાં પેઠે પાળે તે રાજા. પોતાના માણસો-નોકરો દ્વારા પ્રજાની રક્ષા કરે-સેવા બજાવે તે રાજા.

પોતાના વ્યાજબી હક સિવાય અનીતિ અન્યાય કરી કર કાયદા વગેરે, જોરજુલમ કરી પ્રજાને પીડે નહિ તે રાજા. ઓપ્રાપ્તરુ પ્રતિપાળ રાજા. નોધારાનો આધાર રાજા. પ્રજાનો પોકાર સાંભળે તે રાજા. પ્રજાને લૂંટી મોજ શોખ ન કરે તે રાજા. કોઈના ધર્મને આડે ન આવે તે રાજા.

અપરાધીને તેના અપરાધ ઉપરાંત વિશેષ પડતી શિક્ષા ન કરે તે રાજા. નિરપરાધી માત્ર પ્રાણિઓનું રક્ષણ કરે-ભક્ષણ ન કરે તે રાજા.

નોકરોને પૂરતા પગાર આપે; આમલદારો વગેરેને અનીતિ, અન્યાય કે જોરજુલમ કરી લાંચ-રૂશ્વત લઈ કનડગત કરતા હોય તો તેની તપાસ રાખે, તેમ ન કરવા દે તે રાજા ઈત્યાદિક ગુણયુક્ત, ન્યાય નીતિપૂર્વક, પ્રજાને સુખી

[illegible] કે અંદર અરસપરસ બોલવે ને મશ્કરીઓ [illegible] એવી ઉદ્ધત વર્તનથી [illegible] ને [illegible] કરે છે.

અમલદાર વર્ગ

દીવાન, મુનસફ, પોલીસ કમિશ્નર, પોલીસ ઇન્સ્પેક્ટર, ન્યાયાધીશ, વકીલ, [illegible] (વિદ્યાર્થીઓ) અને પોલીસ સીપાઈ વિગેરે રાજ્ય-કર્મચારીઓનો ઉપર [illegible] અને પ્રજાના [illegible] મુખત્યાર [illegible] છે.

તેઓ [illegible] રાજાનું તેમ પ્રજાનું [illegible] અને [illegible] એવું સમજે [illegible] કે [illegible] ન કરે. [illegible] કે રાજ્યના [illegible] કે [illegible] [કોઈ ન [illegible] કે [illegible]] નુકશાન ન કરે.

[illegible] ઇન્સાફ કરી [illegible] પ્રજાની [illegible] નહિ [illegible] કરી [illegible] ન રાખે [illegible] ઇન્સાફ કરે.

[illegible] પૂર્ણ [illegible] કરી [illegible] તેમ [illegible]

કન્યાવિક્રય કરનાર

[illegible]

ગુજરાતના પાટીદારોમાં કન્યાના બાપને પૈસા આપવા પડે-વરનો બાપ પૈસા લે તે] થાય છે. જ્યારે હિંદુઓની ઘણીખરી જ્ઞાતિમાં કન્યાવિક્રય [કન્યાનો બાપ કન્યાના બદલામાં પૈસા લે તે] ચાલે છે

બાળક કે બાળિકાને વેચીને પૈસા લેવા એ અનીતિનું દ્રવ્ય ગણાય. શાસ્ત્રોમાં તો કન્યાદાન કહેલ છે યોગ્ય ઉંમર અને પૂર્ણ લાયકાતવાળા [ગુણી કે તવંગર હો] વરને કન્યાદાન કરાય-પરણાવાય અને પોતાની શક્તિ—ગજા પ્રમાણે દાયજો [કરીયાવર] અપાય, એ નીતિ છે

કન્યા વિક્રય એ કંઈ નાતનો કાયદો નથી કોઈ કન્યા વિક્રય ન કરે તો તે કંઈ નાતનો ગુન્હેગાર ઠરતો નથી. કન્યા વિક્રય કરનાર સુખી ન થાય.

કન્યાની વિશેષ ઉત્પત્તિ થવાથી 'કોરીઓ કે રુપીયાનાં વાટકા આવ્યાં' માની તેમનાં માવિત્રો હર્ષ પામે છે એ કન્યાનો પૈસો આવતો દેખાય છે પણ ઘરમાંથી ક્યારે, ક્યાં અને કેવી રીતે ચાલ્યો જાય છે? તેનો વિચાર ભાગ્યેજ કોઈ કરતું હશે. માટે કન્યા વિક્રય [તેમજ વર વિક્રય] સર્વ અનર્થનું કારણ જાણી તેવો પૈસો ઘરમાં ન રાખે તે માણસ માણસાઈવાળો ગણાય છે

વકીલ

સ્વાર્થ-લોભના કારણે પોતાનો હક મેળવવા કે પારકા હક મેળવવા કે પારકા હક ઉપર તરાપ મારવા સહનશીલતાના અભાવે કે પૂર્વ વેરને લઈ ઘમંડે ચઢી માણસો પરસ્પર લડે છે. વકીલો પાસે જાય છે

ગામડીયા મૂર્ખાઓને વકીલો ઉંધા ભણાવે ઉંધુ ટાંકટ કરે 'અરે! આવા શા છો? આપણે તેને બરાબર બનાવી દેશું તમે બરાબર હિંમતમાં રહેજો આપણી જીત થશે' આ પ્રમાણે અસીલને ચઢાવી, પ્રપંચ કરી, ખોટાં ઉભાં કરી કેસ લડે. અસીલ પાસેથી પૈસા કઢાવે

વાદી-પ્રતિવાદીના વકીલો એક બીજામાં અને ન્યાયાધીશ સાથે મળેલા હોય, એટલે કેસનો ચુકાદો જલ્દી ન કરે કેસ લંબાય તેમ વકીલોને ફાયદો થાય. આવી વકીલાતથી મેળવેલ ધન એ પણ અનીતિ, અન્યાયનુંજ ગણાય

જે નીતિ ન્યાયપૂર્વક કોઈ પણ જાતની લાલચ વગર [illegible] આપી સમજ આપી તેને નીતિના માર્ગે દોરી શકવા [illegible] ધન મેળવે તેવા માણસોને [illegible]

કસાઇ, ધીવર, રબારી, વેશ્યા વિગેરે

નિરપરાધી મૂંગાં પશુઓની માંસ વેચવા માટે કે ધન કમાવા માટે ક્રૂર હિંસા કરનાર કસાઈ, ધીવર-માછીમાર [ઉપયોગ [illegible] નિર્દોષ જળચર જંતુઓને જાળમાં ફસાવી મારનાર], રબારી [ધન મેળવવા કસાઈઓને પશુઓને વેચનાર] અને વેશ્યાઓ [વ્યભિચાર કર્મમાં મનુષ્યોને ફસાવી ધન મેળવનારી] વિગેરે હિંસા અને અનાચાર સેવી ધન મેળવી મોજશોખ કરનારાં બધાં માણસો વખોડવા લાયક છે. તેમજ એવાઓ સાથે લેવડદેવડ વ્યવહાર રાખનારા અને એમનો ખોરાક ખાનારા પણ [illegible] ઘોર નીતિધર્મ વગરના બની દુર્દશા પામે છે

ખેતી-વાડી કરનાર

ખેતીવાડી પણ ધન કમાવાનું ઉત્તમ સાધન છે [illegible]

[illegible]

માણસાઈવાળા દયાળુ માણસે બીજી સત્તાવાથી પોતાના અર્થની સિદ્ધિ થાય તેના તરફ બેદરકારી નજ રાખવી જોઈએ. પરંતુ પોતાના શરીરની તેમજ પોતાનાં સ્ત્રી પુત્રાદિકની જેવી માવજત અને સંભાળ રખાય તેના કરતાં અધિક સંભાળ પોતાના આશરે રહેલાં માણસો કે પશુઓ વિગેરેની રાખવી જોઈએ. તેમને ખવરાવ્યા પીવરાવ્યા સિવાય પોતે ખાવું પીવું ન જોઈએ. પોતે કષ્ટ વેઠીને પણ તેની અગત્ય રાખવી જોઈએ એમાંજ માણસાઈ છે અને એજ સુખનો રસ્તો છે કારણ કે 'પ્રાણિઓની સેવા એજ મહાવીરની સેવા'

ત્યાર પછી જમીન ખેડતાં કીડી મકોડા વિગેરે સુક્ષ્મ જંતુઓના નાશ તેમજ સાપ વીછુ વિગેરે સ્થૂલ-મોટા જીવો નજરે પડે તો તે જીવો કચરાય નહિ તેવી સંભાળ રાખવી જોઈએ આવાં આરંભનાં કામો કરવા છતાં પણ કોઠામાં દયા હોય અને આવા જીવોને બચાવી લે તે દયાધર્મી કહેવાય છે

તેમજ ખેતર કે વાડીમાં પૂરતો બચાવ રાખવા છતા પણ કે પક્ષીઓ ધાન વિગેરે ખાઈ જાય તો તેમના ઉપર ગુસ્સો ન કરવો, તેમજ તેમને એવો માર ન મારવો કે જેથી તેમને સખત ઈજા થાય કે પ્રાણ જાય પશુ પક્ષીઓ જે ખાઈ ગયા હોય તે ધાન વિગેરે પાછુ તો નજ મળે.

આપણા ભાગ્યનું હશે તે અને તેટલુંજ આપણને મળવાનુ, વિશેષ નહિજ મળે. દરેક વસ્તુના અનેક ભાગીદાર હોય છે જેનો જેમાં ભાગ હોય તે જપે તે રીતે લીધા વગર નજ રહે. આપણી વસ્તુના આપણેજ માલેક છીએ, બીજો કોઈ પણ નજ ખાઈ (ભોગવી) શકે એવી માન્યતા ભૂલભરેલી છે. આપણી ઈચ્છાથી આપણે કદાચ ન આપી શકીએ, પરંતુ ન તે વસ્તુના ભાગીદાર ગમે તે રીતે ભાગ લેવાનાજ આવે વખતે દરેક માણસે ઉદારતા, સહનશીલતા અને દયા રાખવી જોઈએ

ખેતી ઉત્તમ ગણેલ છે તેનું કારણ, મનુષ્ય અને પશુપક્ષીઓના જીવનને આધારભૂત ધાન્ય અને ચારાની જેનાથી ઉત્પત્તિ થાય છે કે જે જીવો સંતોષાય છે અને આરંભ થતા છતા જેમાં કુડ કપટને બિલકુલ સ્થાન નથી માટે ઉદારતા, સહનશીલતા અને દયા સહિત ખેતીનો ધંધો કરનાર માણસ મહાન પુણ્ય ઉપાર્જન કરે છે અને તે માણસાઈવાળો ગણાય છે

એવું જાણી સુખના ઇચ્છક માણસે ઉપરોક્ત કોઈ પણ જાતનો વ્યવસાય કરતાં અનીતિ, અન્યાય, કૂડકપટ અને અનાચાર વિગેરે છોડી નીતિ, ન્યાય, સત્ય, ઉદારતા, સહનશીલતા, દયા અને સદાચારપૂર્વક ધન મેળવવું; દાન-પુણ્ય પરમાર્થના કામ કરી, માણસાઈવાળા બનીને જીંદગી સફળ બનાવવી એજ મનુષ્ય-જીંદગીનો સાર છે.

'ન્યાય વડે ધન સંપાદન કરવું' રૂપ માર્ગાનુસારીના ૩૫ ગુણોમાંથી આ પ્રથમ બોલનું સ્પષ્ટીકરણ છે.

પોતાને ઉચિત વ્યાપાર પણ કદિ અન્યાયથી કરવો નહિ. જે મનુષ્ય કેવળ ધનની આશાથીજ નહિ પણ પોતે મેળવેલું ધન ગરીબ તથા અનાથ મનુષ્યોને ઉપયોગી થશે, તેમજ પોતાને પણ ધર્મ માર્ગમાં સહાયકારી થશે, એવું ધારી ધન પ્રાપ્ત કરવા ન્યાયપૂર્વક પ્રયત્ન કરે છે તે ગૃહસ્થ ધર્મને યોગ્ય અનુષ્ઠાન કરે છે એમાં સંદેહ નથી.

તેથી ઉલટું જે ગૃહસ્થ ધન મેળવવા ઉદ્યમ કરતો નથી અને નિર્વાહ સારૂં બીજા ઉપર આધાર રાખે છે તેનું ચિત્ત સ્થિર રહેતું નથી; પરાધીનતાથી તેને અનેક પ્રકારની ચિન્તાઓ ઉત્પન્ન થાય છે અને ધર્મકાર્યોને સારૂં જોઈતા ધન વિના તે અધર્માનુષ્ઠાનજ કરે છે.

માટે જ્યાં સુધી ગૃહસ્થાશ્રમીપણું છે ત્યાં સુધી તેને ધન મેળવ્યા સિવાય નજ ચાલી શકે કારણ કે આજીવિકાનો નાશ થવાથી ગૃહસ્થની સર્વ ધાર્મિક ક્રિયાઓ શિથિલ થઈ જાય. જેને આજીવિકાની જરૂર નથી તેને તો સંપૂર્ણ સંયમ અંગજ યોગ્ય છે. માટે આજીવિકાની જરૂરીઆતવાળો ગૃહસ્થ ન્યાયપૂર્વકજ ધન પેદા કરે.

ન્યાયપૂર્વક પેદા કરેલ ધનથી આ લોક અને પરલોકમાં સુખ મળે છે [illegible] પરમાર્થ કાર્યમાં સદુપયોગ કરવાની ભાવના [illegible] ધન પેદા કરીને તે [illegible] મનનો [illegible]

છે, અમુક પાસેથી લાંચ લઈને બંધ રેલો છે, અગર આ માણસ હરામનું અર્થાત ચોરીનું ધન ભેગું કરી મોજશોખ કરે છે, વિગેરે સંકલ્પો કરવાનો લોકોને અવકાશ મળે.

વળી તે માણસનું ચિત્ત પણ અસ્થિર રહ્યા કરે, પોતાના મનમાંજ સંકલ્પો થાય કે 'મારી આ અન્યાયની વાત કોઈ જાણશે તો મારા વિષે શું બોલે?' આમ રાત દિવસ આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનમાં તેનો સમય પસાર થાય છે

ધન પાસે હોવા છતાં તેનો છૂટા હાથથી પોતે ઉપભોગ કરી શકતો નથી. તેમજ જેણે અનીતિ અન્યાયથીજ ધનભેગું કરેલું હોય તેવો માણસ ઉદારવૃત્તિને લઈનેજ દાનાદિક સત્કાર્યોમાં પણ તે વાપરી શકે નહિ. અન્યાયથી પેદા કરેલા ધનથી અહિતજ થાય છે કદાચિત પાપાનુબંધી પુણ્યના યોગથી કેટલોક વખત તે ધન સ્થિર રહે તો પણ રાચવાનું નથી.

કેટલાક અજ્ઞાન મનુષ્યો બીજાઓને અન્યાયથી ધન પેદા કરતા જોઈ લલચાઈ જાય છે. અને લોભ વશ થઈ તે પ્રમાણે આચરવાને દોરાય છે. તેમને ખરેખર કર્મના કાયદાની ગમ નથી કારણ કે કર્મનો નિયમ અચળ અને સનાતન છે. તે આપણને જણાવે છે કે 'કરશો તેવું પામશો.' કદાચ છાનો ગુનો કરી રાજદંડથી બચી જવાશે, પરંતુ કર્મદંડથી નહિજ બચાય. માટે અન્યાયથી વેગળા રહી ન્યાયી બનવું

મનુષ્ય ન્યાયી થયો એટલે શુભ કર્મ ઉપાર્જન કરે શુભ કર્મ ઉપાર્જ્યું એટલે ધન તો પોતાની મેળેજ આવીને ભરાવાનું પૂર્વ પાપના ઉદયે કદાચ અહિ ધન ન પણ મળે. તેથી કોઈ અધર્મી મનુષ્ય તે મેળવવાને અનીતિ અન્યાય કરે, છતાં પણ ધન ન મળે એટલુંજ નહિ પણ ભવિષ્યમા પણ તે અન્યાય આચરણ રુપ પાપ થકી તે ધન મેળવવા શક્તિમાન થઈ શકતો નથી માટે તે મેળવવાને પ્રથમ પાત્ર બનવું જોઈએ અને પાત્ર બનવાનો તે ન્યાયાચરણ સિવાય બીજો કોઈ ઉપાય—માર્ગ નથી

મનુષ્ય કસોટીમાંથીજ આત્મામાં રહેલા ગુણો પ્રગટ કરી શકે છે અને લોભની જાળમાંથી પસાર થવું એ કંઈ નાની કસોટી નથી છતા જેઓ

લોભને વશ નથી થતાં અને દુઃખ આવવા છતાં ન્યાયનેજ વળગી રહે છે તેઓને ગુણમાં ગએલી લક્ષ્મી પોતાની મેળે મળે છે. જેમકે સમુદ્ર જળની યાચના કરતો નથી છતાં જળ વડે ભરાય છે. માટે આત્માને પાત્ર બનાવવો જોઈએ. "ઇચ્છા કરો તે પહેલાં તે મેળવવા પાત્ર બનો" કારણ કે સંપત્તિઓ પાત્ર-મનુષ્ય તરફ સ્વતઃ આકર્ષાય છે.

કર્મ એ સૂર્યરૂપ આત્માના પ્રકાશને ઢાંકનાર વાદળરૂપ છે. જેમ સૂર્ય ઉગ્રરૂપે પ્રકાશે એટલે વાદળાં પોતાની મેળે વિખરાઈ જાય છે, તેજ રીતે જ્યારે આત્મા (જેનો સ્વભાવ સત્ય અને ન્યાયી છે તે) પોતાના ન્યાયી સ્વરૂપમાં પ્રવર્તે એટલે કર્મરૂપ વાદળાં નાશ પામવાનાંજ.

આ રીતે ન્યાયાચરણથી લાભાંતરાય રૂપ કર્મ નાશ પામવાથી ધન સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. તેનાથી અન્ય રીતે પ્રવૃત્તિ કરવાથી-અન્યાય યુક્ત આચરણથી અર્થલાભ તો વિકલ્પે થાય છે [ધન પ્રાપ્તિ થાય યા ન પણ થાય] કદાચિત્ પૂર્વપુણ્યના ઉદયથી તેને [અન્યાયી વર્તન છતાં] ધન પ્રાપ્તિ થાય પણ ખરી, પરંતુ તેથી આનંદ માનવાનો નથી; કારણ કે તે કર્મથી તેનું પૂર્વનું પુણ્ય નાશ પામ્યું અને જે અશુભ કર્મ અન્યાયાચરણથી ઉપાર્જ્યું તેનું અનિષ્ટકારી ફળ તો અવશ્ય આ ભવ કે પર ભવમાં ભોગવવુંજ પડશે. માટે કર્મના નિયમમાં પ્રતીતિ રાખી અન્યાયી આચરણથી વેગળા રહેવું.

અધમ પુરુષ રાજદંડના ભયથી, મધ્યમ પુરુષ પરલોકના ભયથી અને ઉત્તમ પુરુષ તો સ્વાભાવિકજ પાપકર્મ કરતો નથી. જે ઉત્તમ પુરુષ છે તેમનો તો સ્વભાવજ તેમને ન્યાય તરફ દોરે છે તેમને તો સર્વ આત્માઓ સરખા એકસરખા છે એ અભેદ સિદ્ધાંતને અનુસરનાર છે. જ્યારે આત્મા બધા એક સરખા છે તો પછી બીજા આત્માને છેતરવામાં શું આપણે આપણો આત્મા નથી છેતરતા?

વળી અન્યાયી આચરણથી વિશ્વાસઘાત થાય છે તથા અન્ય જીવને દુઃખ થાય છે. જેમ તેવી સ્થિતિમાં હોય તો પોતાને કેટલું દુઃખ થાય? તેનો વિચાર કરી જ્યારે બીજા પ્રતિ વર્તન થાય, ત્યારે જ ખરું થાય તેનું અશુભ

કાર્ય ઉત્તમ પુરૂષો કરેજ નહિ આવા બધા વિચારો તેમના હૃદયમાં રમી રહ્યા હોય છે તેથી પાપાચરણ તો તેમના સ્વભાવનેજ ખરે વિરૂદ્ધ લાગે છે અને તેમની પ્રવૃત્તિ હમેશાં પરોપકારમય ન્યાયાચરણ તરફજ થાય છે

જે મધ્યમ વર્ગના મનુષ્યો છે તેઓનો સ્વભાવ હજુ ન્યાયમય બનેલો નથી હોતો. લોભ અને ન્યાય બુદ્ધિ વચ્ચે તેમના હૃદયમાં ભારે યુદ્ધ થાય છે લોભ તેમને તાત્કાલિક લાભ દેખાડી અન્યાયી વર્તન તરફ દોરે છે. જ્યારે ન્યાય બુદ્ધિ ભવિષ્યમાં તેથી નિપજતા અનિષ્ટ પરિણામ તરફ તેઓનું ધ્યાન દોરી અશુભ કર્મ કરતાં અટકાવે છે

આ યુદ્ધમાં ઘણીવાર લોભવૃત્તિ વિજયી નિવડે છે, તો ઘણીવાર ન્યાયબુદ્ધિ પોતાનું રાજ્ય સ્થાપન કરે છે પણ ઉપરાંત અનુભવદ્વારા તેમજ ઉપદેશદ્વારા મેળવેલા બોધથી, પરલોકના ભયથી ડરીને ન્યાયમાર્ગ પરજ તેઓ ચાલે છે.

ત્રીજા વર્ગના સામાન્ય માણસો જેઓ અધમ તરીકે ગણાય છે તેઓ તો ફક્ત રાજદંડના ભયથી અથવા લોકોમાં આબરૂ જશે તેવા ભયથીજ અન્યાય માર્ગથી દૂર રહે છે

જ્યાં સુધી ઉત્તમ આશયથી અન્યાયનો ત્યાગ થાય ત્યાંસુધી તો સારૂં, પણ તે ન થાય તો પણ ઉપર રાજદંડ જેવા કનિષ્ટ કારણનો પણ આશ્રય કરી અન્યાયયુક્ત આચરણનો ત્યાગ કરવો એ પણ સારૂં છે

ધન તે આત્માની વસ્તુ નથી, તે આવે છે ને જાય છે. પણ આત્મગુણ જો મલીન થાય છે તો સુધરતાં અનેક ભવો ચાલ્યા જાય છે માટે આત્મ-કલ્યાણાર્થીએ ન્યાયયુક્ત માર્ગે ચાલવું એમ પુનઃ પુનઃ શાસ્ત્રકારો—જ્ઞાની પુરૂષો કહે છે ટુંકામાં મનુષ્યાર્થ પ્રાપ્ત કરવા 'ન્યાયસંપન્ન વિભવ' [ન્યાયયુક્ત ધન મેળવવું] એ ગુણ ધારણ કરવાની જરૂર છે

બોલ બીજો

શિષ્ટાચારની પ્રશંસા કરવી

"શિષ્ટાચાર પ્રશંસા કરવી નિત્ય એ."

શિષ્ટ-સાધુ પુરુષોની તથા તેમના આચાર-નીતિમાર્ગની હમેશાં પ્રશંસા કરવી. અત્યંત દયા, સત્ય, શુદ્ધ દાનત, પવિત્રવૃત્તિ, સંતોષ, સહનશીલતા, નમ્રતા, ઉદારતા અને સભ્યતા વિગેરે સત્પુરુષના નીતિમાર્ગ કલ્પ—ઉત્તમ છે, આચરવા યોગ્ય છે તેમજ ગુણકારક છે, માટે તેની પ્રશંસા કરવી.

ઉત્તમ સ્થાન અને સંગતિમાં રહે ઉત્તમ આચારપૂર્વક મનુષ્યોના [illegible]

તેવા આચારવાળાની પણ ઈર્ષા, નિંદા કે ચાડીચુગલી, મશ્કરી વગેરે ન કરવી; પરંતુ તેમને સુધારવા માટે હિતેચ્છુ થઈને કોશિષ કરવી. અગર 'પ્રભુ તેમને સદ્બુદ્ધિ આપે' એવી પ્રાર્થના કરી મૌન ધારણ કરવું.

ઉપરોક્ત દુષ્ટાચાર છોડનાર કે પ્રથમથીજ શિષ્ટાચાર, નીતિ, ન્યાય, સત્ય અને સદાચાર પાળનાર માણસાઈવાળા પુરુષોની તેમજ તેવા સદાચાર નીતિમાર્ગની નિત્ય પ્રશંસા કરવી તે માર્ગાનુસારીપણું-નીતિ અને ધર્મના માર્ગને અનુસરવાપણું છે. અર્થાત્ જે માણસ દુષ્ટાચાર છોડી સદ્વર્તન-પૂર્વક નીતિ, ન્યાય, સત્ય, તથા સદાચાર પ્રમુખ સદ્ગુણોની અને સદ્ગુણધારક મહાપુરુષોની પ્રશંસા કરે તે માર્ગાનુસારી ગણાય.

શિષ્ટાચાર પ્રશંસાનું સ્પષ્ટીકરણ.

[1] શિષ્ટ એટલે સાધુ પુરૂષોની શ્લાઘા-પ્રશંસા કરનાર, પરંતુ પોતાની પ્રશંસા પોતે નહિ કરનાર તેમજ બીજા પાસેથી પણ સાંભળવા ન ઈચ્છનાર; કોઈની પણ નિંદા નહિ કરનાર અને પોતાની નિંદા સાંભળી ગુસ્સો કે ખેદ નહિ કરનાર; આપત્તિના પ્રસંગે દીનપણું ન કરનાર અને સંપત્તિના સમયે પણ ગર્વ છોડી નમ્રતા રાખનાર; સલાહ લેવા આવનારને યોગ્ય સાચી સલાહ આપનાર; કોઈની સાથે પણ વિરોધ-ઝઘડો-કલેશ નહિ કરનાર; યોગ્ય અંગીકાર કરેલ કાર્યને પાર પહોંચાડનાર; દેશાચાર કે કુળાચાર પ્રમાણે વર્તી સદાચાર પાળનાર; નીતિ-ન્યાય અને સત્યતાથી ધન પેદા કરનાર અને તેમજ દ્રવ્યનો સન્માર્ગે સદુપયોગ, કરનાર, જ્ઞાન અને ક્રિયાપૂર્વક ધર્મનું આચરણ કરનાર; ઉત્તમ નીતિધર્મ કે પરોપકારના કાર્યોકરવાનો આગ્રહ રાખનાર; દુષ્ટ કાર્યો તરફ પ્રવૃત્તિ નહિ કરનાર; ધર્મને બાધ ન આવે તેવી રીતે લૌકિક વ્યવહારના કાર્યો કરનાર; પ્રમાદને છોડી, સ્વાર્થરહિત પણે ગરીબોને મદદ કરનાર, કરેલ ઉપકારનો બદલો વાળવાનું ન ભૂલી જનાર, નિત્ય પરોપકાર કરનાર અને સ્વાર્થનો ત્યાગ કરી સર્વનું ભલું ઈચ્છનાર પુરુષ શિષ્ટ પુરુષ ગણાય

અથવા પોતાથી અધિક ગુણવાન પુરુષને ઉત્તમ ગણી તેના ગુણ પોતામાં પ્રગટ કરવા. જેમ જેમ ગુણવાન થતા જવાશે તેમ તેમ અધિક અધિક ગુણવાન ઓળખાતા જશે અને છેવટ સર્વ ગુણસંપન્ન મહાપુરુષના આશ્રયથી સર્વ ગુણો પોતામાં પ્રગટશે. આ પ્રમાણે ક્રમે ક્રમે અધિક અધિક ગુણી પુરુષોના સમાગમથી સર્વગુણસંપન્ન થઈ શકાય છે.

શિષ્ટ પુરુષોની પ્રશંસા કરવાથી તેમને સારાં કાર્યો કરવાનો અમણો ઉત્સાહ વધે છે. અથવા શિષ્ટ પુરુષોની પ્રશંસા સાંભળી બીજા સામાન્ય મનુષ્યોને પણ તેવા થવાની [પરોપકારનાં કાર્યો કરવાની] ભાવના થાય છે. આપણે તેવા શિષ્ટ પરોપકારી પુરુષોના ઉપકારનો બદલો ન વાળી શકીએ તો પણ તેમની પ્રશંસા કરવાથી કૃતજ્ઞતા દાખવી ગણાય. તથા તેથી આપણું મન ઉલ્લસિત થવાની સાથે તેવા પુરુષોનો ઉત્સાહ વધે.

તેમજ ગુણવાન ઉપર પ્રીતિ રાખનાર, ગુણોનું અનુમોદન કરનાર અને સર્વ સ્થળે ગુણ જોનાર મનુષ્ય અવશ્ય ગુણવાન બને છે. 'જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ'. વ્યાપારની દ્રષ્ટિવાળો વ્યાપારી, કવિત્વની દ્રષ્ટિવાળો કવિ, ભોગની દ્રષ્ટિવાળો ભોગી અને યોગની દ્રષ્ટિવાળો યોગી બને છે. તેમજ સર્વ સ્થળે ગુણની દ્રષ્ટિ રાખનાર માણસ ગુણી બને છે. પોતે જેની પ્રશંસા કરતો હોય તેના જેવી શક્તિ પોતે પણ મેળવી શકે છે. આજ સદ્ગુણ પ્રગટપણે થકે વીતરાગ માર્ગમાં પ્રવેશ કરાવી વીતરાગ પણ બનાવે છે માટે ઉત્તમ પુરુષોની અને તેમના આચાર વિચારની પ્રશંસા કરવાની ટેવ રાખવી.

બોલ ત્રીજો

સમાન કુળ શીલ વાળા અન્ય ગોત્રીની સાથે લગ્ન કરવું

'સ્વ ગોત્રી સાથે સગપણ કરવું નહિ'

સર્વથા બ્રહ્મચર્ય પાળવું એ શ્રેષ્ઠ છે અનાદિ કાળથી કામ વિકાર વડે તરબોળ જીવાત્માઓ એકદમ વૃત્તિઓને ન રોકી શકે એટલે ગૃહસ્થાશ્રમમાં રહી મર્યાદિત બ્રહ્મચર્ય પાળવા પરસ્ત્રીનો ત્યાગ કરી સ્વસ્ત્રીમાં કે સ્વપતિમાં સંતોષ રાખવા લગ્ન સંબંધથી જોડાય છે

લગ્ન સંબંધથી જોડાયેલા સ્ત્રીપુરુષે થોડે થોડે વિકારોને જીતી નિર્વિકારી બનવાનું છે, પણ ઉપર વિશેષ વિકારી બનવાનું નથી એ લગ્ન સમાન કુળ, શીલ, વય, વિદ્યા અને યોગ્યતા જોઈ પરજ્ઞાતમાં કરવાનું નીતિકાર કહે છે

આ સંબંધમાં જૈન સિદ્ધાંત માસિકના તંત્રી શેઠ નગીનદાસ ગિરધરલાલનો અભિપ્રાય નીચે પ્રમાણે છે –

ગોત્ર જોવાનું કારણ શું ?

જેઓ સંપૂર્ણ સંયમી થઈ શકતા નથી તેમને માટે લગ્ન અનિવાર્ય છે. તો તેમણે લગ્ન તો કરવું જોઈએ અથવા તેમને લગ્ન તો કરવું જ છે અને લગ્નનું સ્વભાવિક ફળ સંતાન છે તો લગ્ન એવી રીતનું થવું જોઈએ કે જેથી સારામાં સારું સંતાન ઉત્પન્ન થાય.

બે જુદા જુદા ગોત્રોના સ્ત્રીપુરુષ જોડાય એટલે બે ગોત્રનાં સદ્ગુણો ભેગા થઈ એકઠા થઈ બાળકમાં ઉતરે. તેથી બાળક [illegible] થાય. એટલે ઉત્તરોત્તર પ્રજા ઉત્તમ બનતી જાય.

આવા હેતુથી બે જુદાજુદા ગોત્રોનું જોડાણ થવું જોઈએ એવું [illegible] કારણ કે [illegible] બુદ્ધિહીન [illegible] થઈ ગઈ, બની જાય છે કે તેઓ [illegible] છે. તેથી આવા [illegible] ન હોય તો પ્રજા [illegible] બનતી જાય.

[illegible]

—

[illegible]

અસિ [તલવારપ્રમુખ શસ્ત્રો વડે શત્રુતનથી સ્વ-પરનું રક્ષણ કરવા રૂપ કર્મ], મષી [શાહી દ્વારા લખવાનું કાર્ય છે મુખ્ય જેમાં એવા વિવિધ વ્યાપાર રૂપ કર્મ] અને કૃષિ [ખેતીવાડી એટ કરવા રૂપ કર્મ] એ ત્રણ પ્રકારના કર્મ ઉચ્છેદ કરી પોતાની આજીવિકા ચલાવનાર કર્મભૂમિના મનુષ્ય કહેવાય. આ ત્રણ પ્રકારના કર્મરહિત, દેવાધિષ્ઠિત કલ્પવૃક્ષો જેમની ઈચ્છાઓ માત્ર પૂર્ણ કરે છે તેવા મનુષ્યો તે યૌગલિક-યુગલિયા [જોડલે જન્મ લેનાર] અકર્મભૂમિના કહેવાય છે

યૌગલિક મનુષ્યો પોતાની છ ઋતુઓમાં એકજ જોડલું-બાળક બાળિકા રૂપ પ્રસવે. ૪૯-૬૪ કે ૭૯ દિવસ બાળક બાળિકાને ઉછેરે-પ્રતિપાલન કરે અને પછી તે બાળક બાળિકા મોટાં થાય અને યુગલનાં માતા પિતા એક સાથે આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થાય.

યુગલ રૂપે જે બાળક બાળિકા ભાઈ-બહેન તે પતિ પત્ની બને. અટલે ત્યાં સસરા સાસુ, દાદા દાદી, પૌત્ર પૌત્રી, મામા મામી, નાના-નાની ફોઈ ફૂઆ, માસી માસા અને કાકા કાકી વિગેરે કોઈ પણ જાતના સંબંધ ઉત્પન્ન થતા નથી

ત્યાં રાજા કે પ્રજાનો સંબંધ નથી. ત્યાં કોઈ જાતના ધર્મ સંબંધી [illegible] નથી. તે યુગલ કેવા હોય છે? તેનું નિર્માણ નથી. [illegible] નથી. [illegible] અને પટ્ટ [illegible] કોઈ [illegible] કૃષ્ણના [illegible] નથી. [illegible]

[illegible]

[illegible]

પૂર્વે ક્રમમાં આવી રીતે કર્તવ્ય અનુસાર વર્ણ ગણાતા. પરંતુ ક્રમે ક્રમે તે વર્ણો તે તે જ્ઞાતિરૂપે ગણાવા લાગ્યા. તે એક એક જ્ઞાતિમાંથી પ્રસંગ-પ્રસંગ વશાત્ અનેક ફાંટા નીકળ્યા. આજકાલ વતનમાં અનેક જ્ઞાતિઓ ગણાય છે. સૌ પોતપોતાની જ્ઞાતિમાંજ બેટી વ્યવહાર-લગ્નસંબંધ કરે છે.

ધંધા રોજગાર ઉપરથી પણ માણસો-કુટુંબો ઓળખાય છે. જેમકે મહેતા, દેસાઈ, ભણશાળી, મુન્શી, સંઘવી, વોરા, પટેલ, ચોકસી વિગેરે. પરંતુ તેમાં બધા ભાઈઓ એકજ વંશના છે એવું પ્રાયઃ હોતું નથી, અટકે એક પણ વંશ જુદા હોય છે. જે કુટુંબ પોતાના પૂર્વે થયેલા સમર્થ વડવાના નામથી ઓળખાય [જેમ કે અનાણી, વેલાણી, ભાયાણી, હેમાણી, પારાણી, માવાણી વિગેરે] તે ઉપરથી અટકવાળા ઓળખાય છે.

અટક એટલે ઓળખાણને તે નામ રાખ્યા કે તે તે સંઘથી પ્રસિદ્ધ પામેલ સમર્થ પૂર્વજ કે આદિ પુરુષથી ઓળખાતું તે અટક કે ગોત્ર-વંશ કહી શકાય.

આવા ગોત્રો ચારે વર્ણની જ્ઞાતિઓમાં હોય છે અને પોતપોતાના ગોત્રવંશમાં આર્ય મનુષ્યો લગ્ન સંબંધ જોડતા નથી. ગોત્ર કે વંશ તપાસી અન્ય ગોત્રવાળા સાથે લગ્ન સંબંધ જોડવો એ વિવેક છે અને વિવેક છે ત્યાં માણસાઈ છે.

તેમજ અન્ય ધર્મવાળાઓ સાથે, ઉચ્ચ કુળવાળાએ નીચ કુળવાળા સાથે, સદાચારીએ દુરાચારી સાથે, ગરીબે ધનવાન સાથે, મોટી ઉંમરવાળાએ નાની ઉંમરવાળા સાથે, ગુણીએ અવગુણી સાથે, વિદ્વાને મૂર્ખ સાથે સ્ત્રી પુરુષે પરસ્પર લગ્નસંબંધ જોડવાથી ઘણી વખતે ઘરમાં કજીયા-કલેશ-કુસંપ વધે છે અને ઘર બગડે છે. લોકોમાં અપકીર્તિ અને કર્મબંધન થાય છે.

નિંદા નથાય, ધર્મ કરણી કે પરોપકાર વિગેરેના શુભ કાર્યો બની શકે તે માટે અન્ય ગોત્ર, સમાન કુળ, શીલ, સદ્ગુણ, વય અને સમાન ધર્મવાળા સાથે લગ્નસંબંધ જોડવાનો વિવેક રાખવો કે જેથી સંપ-સુલેહ અને ધર્મધ્યાન થાય. — માર્ગાનુસારીને (માર્ગાનુસારીનો) ત્રીજો ગુણ.

બોલ ચોથો

પાપનો ડર રાખવો

'[illegible]'

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કોઈની આજીવિકા તોડવી તે પાપ. ઓછું આપવું, વધારે લેવું તે પાપ. હદ ઉપરાંત વ્યાજ લેવું તે પાપ. કોઈની થાપણ ઓળવવી-પચાવી પાડવી તે પાપ. વિશ્વાસઘાત કરવો તે પાપ.

ચા, બીડી, ભાંગ, દારૂ, માંસ વિગેરે નશામાં વ્યસનો સેવવાં તે પાપ. શિકાર કરવો તે પાપ.

પાપનાં કામોમાં ઉત્તેજન આપવું કે તેવાં કામોની પ્રશંસા કરવી તે પાપ.

હાંસી-મશ્કરી કરવી કે કોઈને ખીજવવું તે પાપ. ગાળો-ભાંડવી અપશબ્દ બોલવા તે પાપ. ગરીબોની આંતરડી દુભવવી કે તેમને બનતી મદદ ન કરવી તે પાપ. મરતાં કે દુઃખથી રીબાતાં કોઈ પણ પ્રાણી-જીવને દયા લાવી બચાવવાં નહિ કે દુઃખથી ન મુકાવવાં તે પાપ.

મરઘાં, પાડા કે વાછરડા પ્રમુખ પ્રાણીઓને દૂધ પૂરું કે બિલકુલ ન આપવું-સ્વાર્થવશ તેમનાં તરફ બેદરકારી રાખી તેમનાં નીસાસા લેવા તે પાપ. નાટક-સીનેમા જોવા-મનનમન કરવી કે મોજશોખ કરવા તે પાપ. જુગાર રમવો તે પાપ.

[illegible]

વિદેશ પરિચય વધે અને પોતાનો દેશાચાર કે કુળાચાર છોડે ત્યારપછીના ગુણ ખોઈ બેસે. અન્ય દેશના ખાનપાન, પોશાક અને પરદેશી ચીજો ચા, સિગારેટ, દવાઓ, ખાન-પાન વિગેરેના વપરાશથી દેવાળું, રોગચાળો, વ્યભિચાર, વિનાશ અને કુળ તેમજ ધર્મ ભ્રષ્ટ પણ થાય.

પૂર્વકાળમાં ખોજા કોમના વડિલો દેશમાંજ રહી ઉદ્યમ કરતા અને શાંતિ અનુભવતા. સાદુ ખાતાં, જાડું પહેરતા, ખૂબ મહેનત કરતા અને કંઈને કંઈ ઉદ્યમમાં રમમાણ રહેતા, નવરા ન બેસતા. તેથી તેમને રોગ ઓછા થતા. તેઓમાં કજીયાકંકાસ ઓછા હતા. તેઓ દયા, દાન, નમ્રતા, લજ્જા મર્યાદા, સંપ, સાદાઈ અને પરગજુપણું વિગેરે માણસાઈના ઉંચા ગુણો ધરાવતા અને દેવ, ગુરૂની સાચી ભક્તિપૂર્વક સાચા ધર્મનિષ્ઠ હતા. આ બધો પ્રતાપ દેશાચાર કે કુળાચારનો છે

વર્તમાનકાળે પણ ગાંધીજી જેવા મહાપુરૂષો યુરોપ વિગેરેની મુસાફરીમાં કે યુરોપિયન વિગેરે લોકોની મુલાકાતમાં પણ પોતાનો દેશાચાર કે શિષ્ટાચાર પોતે છોડતા ન હતા, તેમજ બીજાઓને દેશાચાર પ્રમાણે સાદાઈથી વર્તવાનો ઉપદેશ આપતા. પોતે આનંદ અનુભવતા અને બીજાઓને સુખી બનાવતા.

ત્યારે આજ કાલ લોકોએ દેશાચાર ને કુળાચાર છોડ્યો. પરદેશ ગયા. ભાગ્ય અનુસાર બે પૈસા મેળવ્યા. ખર્ચ-ખરચાઓ વધાર્યા. મોટા ભા' બનવા, દેખાદેખી, નાક વધારવા, ખોટે રસ્તે, બિનજરૂરી, ધામધૂમ કરી ખૂબ પૈસા વાપરતા થયા. પરંતુ લજ્જા-મર્યાદા, સંપ, સાદાઈ, વિવેક, વિનય-નમ્રતા, ગુપ્તદાન, દયા અને પરોપકાર વિગેરે માણસાઈને લગતા ગુણો ગુમાવ્યા.

આજે વ્યસનો વધ્યાં. શરીરની ટાપટીપ વધી. વિલાસિતા અને ખાનગી ખપકો વધ્યો. રોગો વધ્યા. કુસાનુંસી—અભિમાન, તોછડાઈ, કજીયાકંકાસ, વેરઝેર, કુડકપટ અને હાયવોય વિગેર કુગુણો વધ્યા. જેના પરિણામે લડાઈ અને તેને લઈને મોંઘવારી અને મોંઘવારીને લઈને ભૂખમરો વધ્યો. ધર્મ, નીતિ કે ન્યાય વિગેરે સુખના માર્ગોને દેશવટો અપાયો. આ બધો પ્રતાપ દેશાચાર અને કુળાચાર છોડવાનો છે

જે દેશાચાર કે કુળાચાર [ખાન, પાન, પોશાક, કન્યા વિક્રય, બાળ-લગ્ન, વૃદ્ધ લગ્ન અને રોવાકૂટવાના રિવાજો વિગેરે] પોતાને કે પરને અહિત કરનાર-હાનિ કરનાર હોય તેનો જરૂર ત્યાગ કરવો. પરંતુ જેનાથી પોતાને કે પરને કોઈ જાતનું નુકશાન ન હોય પણ પરિણામે ફાયદો હોય તેવા દેશાચાર કે કુળાચારને માન આપવું એ વિવેક ગણાય છે. સમય વિચારી સમજી ને વર્તવું. દેશાચાર કે કુળાચાર પ્રમાણે વર્તવાથી લોકચાહના મેળવી ધારેલાં કાર્યો પાર પાડી શકાય છે. માટે સુખી થવું હોય તો દેશાચાર અને કુળાચાર પ્રમાણે વર્તવાની જરૂર છે. દેશાચાર તથા કુળાચાર પ્રમાણે વર્તવું એ માર્ગાનુસારીનો પાંચમો ગુણ છે.

બોલ છઠ્ઠો

કોઇના અવર્ણવાદ બોલવા નહિ. તેમાં ખાસ કરીને રાજાની નિંદા તો નજ કરવી.

'કોઇના અવર્ણવાદ ન બોલવા' મુખ્ય [illegible]

જે વસ્તુ જેવી હોય તેનું યથાર્થ [illegible] જાણ્યા વગર [illegible] ગુણ ઓછા દેખાડવા તે અવર્ણવાદ અને વસ્તુમાં [illegible] પણ પારકામાં [illegible] ગુણ ઓછા દેખીને છતા કે અછતા અવગુણો બીજા પાસે પ્રગટ કરવા તે અવર્ણવાદ કે નિંદા કહેવાય. આત્માર્થીઓએ [illegible] પારકી નિંદા કરવાથી પોતાને અને સાંભળનારને નુકસાન જ થાય છે.

પોતા કરતા બીજો કોઈ વધારે સુખી હોય, ધનવાન હોય, ગુણવાન હોય, વિદ્વાન હોય અને તેની લોકો વિશેષ પ્રશંસા કરતા હોય તે [illegible] સાંભળીને હૈયામાં બળતરા થાય, તેના તરફ અણગમો થાય તે [illegible] ઈર્ષ્યા કહેવાય. એ ઈર્ષ્યા જ્યારે હૈયામાં ન સમાય ત્યારે તેના ઉભરા [illegible] ઉભરાતી પડે [illegible] વચન રૂપે બહાર નીકળે તેનું નામ અવર્ણવાદ કે નિંદા કહેવાય.

કોઈમાં પણ જેમ અવગુણ દેખાય તો તિરસ્કાર નહિ કરતાં એવી તેના અવગુણ ટાળવા તેને સમજાવી સમજાવવાનો ઉદ્યમ કરવો. કદાચ ન સમજે તો દયા રાખવી, 'પ્રભુ એને સદ્બુદ્ધિ આપે' એવી ભાવના ભાવવી પરંતુ પરપુંઠે-પૂંઠ પાછળ નિંદા ન કરવી. દરેકમાંથી ગુણ ગ્રહણ કરી ગુણ ગ્રાહી બનવું, એ માર્ગાનુસારીનો છઠ્ઠો ગુણ જાણવો.

બોલ સાતમો

અતિ ગુપ્ત તથા અતિ પ્રગટ નહિ તેવા અને જવા આવવા માટેનાં અનેક દ્વાર ન હોય તેવા ઘરમાં રહેવું

અતિ ગુપ્ત અતિ પ્રગટનું સ્થાનક વર્જવું.*

માણસ માત્રને રહેવા માટે મકાનની જરૂર પડે છે. [illegible] પ્રમાણે ગુફાઓ કે [illegible] તેમાં રહેઠાણ કરે છે. પરંતુ [illegible] જાય છે.

[illegible]

દાન દેવાનો પ્રસંગ ઓછો આવે. તેમજ લૂટફાટ કે આગ-લાગ-પ્રસંગ વિગેરે અપના પ્રસંગે કોઈ સાંભળનાર કે મદદગાર ન મળવાથી જાનમાલ બચાવવા મુશ્કેલ થઈ પડે. તેવા ઘરમાં રહેવુ નહિ.

વળી ઘણાં બારી બારણા વાળા, ચારે બાજુ તદ્દન ખુલ્લા કે જાહેર રસ્તા ઉપર રહેલા મકાનમાં પણ વસવાટ કરવો ન જોઈએ કારણ કે તેવા ઘરમાં રહેતાં રસ્તા ઉપર ઘણા માણસોની આવજા થતી હોવાથી ઘરમા બેઠેલ સ્ત્રીઓની લાજ-મર્યાદા ન સચવાય. સ્ત્રીઓની વૃત્તિ ચપળ બને. ઘણા બારણાં હોવાથી ચોર, લુચ્ચા, લફંગા વિગેરે અધમ માણસોને ઘરમાં પેસવુ સુલભ થાય અને ઘર આગળ ઘણી ગરબડ થતી હોઈ સ્થિર ચિત્તે કોઈ કામ થઈ શકતું નથી

વળી વિશેષમાં રહેવાનું મકાન કોનરકામ વગરનુ સાદુ અને પોતાના કુટુંબનું સુખેથી પોષણ થઈ શકે તેટલું-તેવું હોવું એ લાભદાયક છે સાદુ અને પૂરતું હોય તો તે મકાન હમેશાં વપરાતું હોવાથી સાફસુફ થઈ શકે અથવા રહી શકે બનાવતી વખતે પૈસા અને વખતનો પણ બચાવ થાય. કોતરકામ વાળું કે અતિ વિશાળ હોય તો તે મકાન સાફસુફ ન થવાથી રજ-જાળા વિગેરે ભરાઈ જાય અને અનેક જંતુઓ ઘર કરી રહે છે જ્યારે સાફ કરવાનો વખત આવે ત્યારે અનેક જંતુઓના ઘર ભાંગે અને જીવોની હિંસા થવા પામે

વળી જે ભૂમિ અશુદ્ધ હોય—હાડકાં, મડદા વગેરે દટાયેલાં હોય કે મળ મૂત્ર જ્યાં પડ્યાં હોય તેવી જમીન ઉપર પણ ઘર બનાવવા ન જોઈએ તેમજ ઘરમાં કે આંગણામાં પેશાબ, લેપ, ચીંટ, બળખા કે પાણી વિગેરે નાખી કીચડ કરી ગંદકી કરવી નહિ. ઘર દરેક રીતે સ્વચ્છ રહેવાથી જીવજંતુઓ ઉત્પન્ન થવા ન પામે, હિંસા ન થાય અને નાનાદિક પીડા થવા ન પામે, તેમજ ચિત્ત વૃત્તિ શાંત અને સ્થિર રહેવા પામે. વળી મન અને જીવનની સદાચરણમય [illegible] અનાચારથી બચી જવાય અને ધર્મમાં આત્માની પ્રવૃત્તિ સારી થાય. [illegible] અનેક ફાયદા થાય. માટે ઘર બાંધતાં ઉપર બતાવેલ માન્યતાના વિવેક વગેરે [illegible] માર્ગાનુસારી બનાવ છે [illegible] માર્ગાનુસારીના ગુણમાં એક ગુણ.

સારા પડોશવાળા સ્થાનમાં રહેવું

'શુભ પડોશમાં વસતાં થાશે શુભ રે.'

જેવો નિમિત્ત તેવી છે. એક પોપટનાં બે બચ્ચાં. એક ભીલોના સહવાસમાં રહ્યું અને બીજું તાપસોના આશ્રમમાં રહ્યું. ભીલોના પરિચયમાં રહેનારને કુસંસ્કાર પડ્યા. આવતા જતા માણસોને જોઈ 'મારો, પકડો, લૂંટો' વિગેરે શબ્દો બોલે. જ્યારે તાપસોના સહવાસમાં રહેનારે વેદસૂત્રો કહેવા શીખ્યું, સારા સંસ્કાર મેળવ્યા અને આવતા જતા જનોને 'આવો, પધારો, બેસો' વગેરે બોલવાનું શિખ્યું અને સુખ મેળવ્યું. એજ પ્રમાણે મનુષ્ય લુચ્ચા, [illegible], જુગારી, ચોર વિગેરેની સોબત કરે તો તેવી કુટેવ પડે. તેમજ નીતિમાન, સદાચારી એવા સાધુસંતોનો સંગ કરે તો સદ્બુદ્ધિ આવે અને ઉંચા લક્ષણ પડે.

[illegible]

એજ રીતે પડોશનું વાતાવરણ અમુક જમીનનું વાતાવરણ જે સ્થળે યુદ્ધ થયું હોય, હાડકાં કે મડદાં દટાયાં હોય અથવા મડદાં બાળવામાં આવેલાં હોય તેવી જમીનનો સ્પર્શ થતાં માઠી અસર થાય છે.

દા. ત.—માતા પિતાને તીર્થ કરાવી પાછા વળતાં પિતૃવત્સલ વિનીત 'શ્રવણ કુમારે' અમુક એક પ્રદેશમાં આવતાં કાવડ નીચે ઉતારીને માવિત્રોને કહ્યું કે 'ઉપાડવાની મજુરી આપો તો આગળ લઈ જાઉં.' માવિત્રો સમજ્યા કે આવો પિતૃભકત પુત્ર આવી માંગણી કદિ પણ ન કરે, પરંતુ આ જમીનજ અશુદ્ધ છે, તેની અસર પુત્રને થઈ એટલેજ આમ બોલે છે. એમ ધારી 'અહીંથી આગળ ચાલ એટલે તને મજૂરી આપશું' એમ સાંભળી કાવડ ઉપાડી એ ભુમિકા ઓળંગી આગળ ચાલ્યો. શુદ્ધ ભૂમિમાં પ્રવેશ કરતાંજ શ્રવણના વિચારો બદલયા. 'અહો! મેં અવિનીતે માવિત્રો પાસે મજુરી માંગી! ધિક્કાર છે મને!' આમ ખેદ કરી માવિત્રોના પગમાં પડી અવિનય ખમાવ્યો.

એમજ ગામ, દેશ અને દુનિયાનું વાતાવરણ ગામમાં વસતા સ્વેચ્છ હિંસક પ્રવૃત્તિથીજ આજીવિકા-કરનારા-વાઘેર મચ્છીમાર વિગેરેની માઠી અસર તથા સદાચારી-પ્રમાણિક, નીતિવાળાની સારી અસર થવા પામે છે. દેશ કે દુનિયામાં ચાલતાં યુદ્ધ, દુષ્કાળ કે રોગચાળો વિગેરેની ચાલતી હાડમારીની અસર ચિંતારુપે થવા પામે છે.

આ રીતે અશુભ પડોશ કે વાતાવરણથી ચિત્ત અસ્થિર થાય, ચિંતા ઉપજે અને આત્મિક અહિત થાય છે. માટે અશુભ પડોશ કે વાતાવરણ ટાળી શકાય અગર તેનાથી દૂર રહી શકાય તેમ હોય તો તેને ટાળી [દૂર જઈ] શુભ પડોશ કે શુભ વાતાવરણમાં વસવું-વસવા બનતી કોશિષ કરવી એ આત્માને સુખકારી છે વિવેકીજનોએ આ બાબતનું પુરતુ લક્ષ રાખવુ જોઈએ. સ્વપરને ગુણકારી માર્ગાનુસારીનો આ સાતમો ગુણ માર્ગાનુસારી માણસે અવશ્ય આરાધવા ઉદ્યમવાન થવુ જોઈએ

બોલ આઠમો

હમેશાં સારા આચરણવાળા સાથે સંબંધ રાખવો.

'સારા જનની સોબતમાં વસવું સદા.'

શુભ પ્રદેશ કે શુભ વાતાવરણમાં રહેવા છતાં જો નઠારા માણસની સોબત કરે તો તેની માઠી અસર થવા પામે છે. ચોર, જુગારી, પરસ્ત્રીલંપટ વ્યભિચારી, ઠગ, અસત્યવાદી, કપટી, દારૂડીયા વગેરે દુર્ગુણીઓની સોબત અને [illegible] દુર્ગુણની સોબત કરવાથી ઘણી વખતે સજ્જન [illegible] પુરુષને પણ [illegible] થઈ જાય છે.

[illegible]

જેવી સામાન્ય ગણાતી વસ્તુને પણ રાજા-મહારાજાઓ મસ્તકે ચઢાવે છે, તેમજ સામાન્ય મનુષ્ય સત્સમાગમના પ્રભાવથી ઉચ્ચ દશાને પ્રાપ્ત કરે છે

સત્પુરુષોની વાણી, તેમનાં મનોહર પુસ્તકોનું વાંચન, તેમના ગુણોની પ્રશંસા વિગેરેથી પણ સારી અસર થવા પામે છે તો પછી તેમનાં દર્શન અને નિત્ય સમાગમ કરતાં મહાન લાભ થાય તેમાં શી નવાઈ છે? સારીનરસી સોબતની અસર પશુઓ અને વનસ્પતિને પણ થાય છે ચંદન વૃક્ષને પાસે ઉગેલા લિમડાના ઝાડમાં ચંદનની સુગંધ આવે છે અને ચંદનના ભાવે વેચાય છે જ્યારે લિમડાના વૃક્ષને સિંચેલું મીઠું પાણી પણ કડવાશ ધારણ કરે છે. નદીઓનું પાણી દરિયામાં ભળવાથી ખારૂં થઈ જાય છે વિગેરે 'સોબત તેવી અસર.' માટે યશ કીર્તિ, સુખ-સમૃદ્ધિ અને સદ્ગતિની ઈચ્છાવાળા મનુષ્યે હમેશાં સંત-સાધુ, સદાચારી, સદ્ગુણી કે પરોપકારી ધર્માત્મા પુરુષોનીજ સોબત કરવી. એ માર્ગાનુસારી-માણસાઈનો આઠમો ગુણ જાણવો.

બોલ નવમો

માતા-પિતાની સેવાભક્તિ કરવી

'વિનયે માત પિતાની કરવી સેવ એ.'

વિનય-વિવેક નમ્રતા સભરતી એ મહાન ગુણ છે. જેનું હૃદય આંટી-ઘૂંટી વગરનું સરળ અને સીધું હોય તેનામાં નમ્રતા હોય. વિવેક-સદાચારની સમજણપૂર્વકની જે નમ્રતા તેજ સાચો વિનય ગણાય. નમ્ર થવું-નમવું તે વિનય. પરંતુ નમવા નમવામાં ફેર છે.

નમે નમે મેં ફેર છે, અજ્ઞાન નમે નાદાન,
દગલબાજ દૂના નમે, ચિત્તા ચોર કમાન.

સાચા મનુષ્યને છેતરવા, ઠગવા કે મારવા માટે ચોર, ચિત્તા અને ધનુષ-કમાન વગેરે ખૂબ નમીને પોતાનું કામ સાધે છે. એટલે એવી રીતે બીજાને છેતરવા, ઠગવા પોતાનો સ્વાર્થ સાધવા કે ડોળ કરવા નમ્ર થવું, ચાડી ચુગલી કરવા કે મીઠું મીઠું બોલવું એ તો અવગુણપોષક આત્માને અધઃપતનમાં લઈ જનાર અવિનય છે. જ્યારે નિસ્વાર્થ સરળતા અને વિવેકપૂર્વક નમવું એજ

વૃદ્ધ અવસ્થા કે બિમારીના પ્રસંગે ખાન પાન, ઔષધાદિ ઉપચાર વિગેરે સાવધ-પૂર્વક યથાશક્તિ બનતી સેવા બજાવવી જોઈએ.

આ રીતે તેમના અથાગ ઉપકારનો બદલો સર્વ પ્રકારનાં સુખ આપવા કે પોતાના શરીરની ચામડી વડે મોજડી બનાવી પહેરાવવા છતાં વળતો નથી; પરંતુ તેમને ધર્મના માર્ગે ચડાવીએ કે ધર્મ કાર્ય કરતાં તેમને સહાયતા આપી સદ્ગતિગામી બનાવીએ તો જ કંઈક અંશે તેમના ઋણમાંથી મુક્ત થઈ શકીએ.

ધર્મથી ભ્રષ્ટ થયેલા ગુરુઓનો ત્યાગ કરવા પણ આચારથી ભ્રષ્ટ થયેલ માતાનો કદાપિ પણ ત્યાગ ન કરવો; કેમકે ગર્ભ ધારણ અને પોષણ કરવા વડે ગુરુ કરતાં પણ કોઈક અપેક્ષાએ માતા અધિક ઉપકારી છે. પાંચ વર્ષ પછીની અવસ્થાએ બાળકોને અનેક સદ્ગુણો, સુવિદ્યા અને કળા પ્રાપ્ત કરાવનાર પ્રાયઃ પિતા છે. માટે માતાપિતા બન્નેનો પુત્ર જીંદગી પર્યંતનો ઋણી છે. તેથી તેમની જીવનયાત્રા સુખમય પસાર થાય એ ખાસ લક્ષમાં રાખવું જોઈએ. આવું જાણી માતા પિતાદિ વડિલો અને દેવગુરુની સેવા [વિનય] કરનાર માણસ માર્ગાનુસારી થાય છે. આ માર્ગાનુસારીનો નવમો ગુણ સમજવો.

—

ગાલ દશમે

[illegible]

બોલ અગીઆરમો

નિંદિત કાર્યોમાં પ્રવૃત્તિ ન કરવી

'નિંદિત કાર્યની તજવી માઠી ટેવ જો'

જે કાર્ય લોક વિરુદ્ધ હોય [illegible] આ લોક તથા પરલોકમાં [illegible] પ્રાપ્ત થાય તેવા કાર્ય ન કરવા [illegible]

બોલ બારમો

આવકના પ્રમાણમાં ખર્ચ કરવો

'આવકને અનુસરે ખર્ચ કરવો ઘટે'

જેટલી ધનની આવક પેદાશ હોય તેના પ્રમાણમાં ખર્ચ રાખવો ઘટે. દુનિયામાં મોટા ગણાવા માટે-નાક રાખવા માટે, દેખાદેખી કરવાથી કે કાર્યને વધારવાથી કરજ કરીને મૃત્યુભોજન કરવાથી, કન્યાદિ પ્રસંગ [illegible] કરવાથી [illegible]

[illegible]

તો જરૂર ઇચ્છિત સુખ મળી શકે. આ પ્રમાણે શંકાઓનું પૂછીને સમાધાન કરવું તે બુદ્ધિનો ત્રીજો ગુણ છે.

૪ ગ્રહણ—કોઈપણ માણસ કંઈપણ સારી વસ્તુ આપતો હોય તે પ્રેમ પૂર્વક ગ્રહણ કરી લેવી તે ગ્રહણ. ઉપદેશ કે કોઈપણ હિતેચ્છુ માણસે હિતાર્થ શિખામણ કે સદુપદેશ આપેલ હોય તે તથા પૂછેલા પ્રશ્નોના ખુલાસા રૂપ જવાબ તેને પોતાના મગજમાં ગ્રહી લેવા, મગજમાં સ્થાન આપવું કે તે શબ્દો સંગ્રહી રાખવા તે ગ્રહણ.

જે ધ્યાનપૂર્વક સાંભળ્યો તે શબ્દો મગજમાં લીધા ન હોય તો તે શબ્દો [illegible] શંકા કે પ્રશ્ન પૂછવાનું કહ્યું સુજેજ નહિ અને ઉપયોગ વગરનું સાંભળવું જ પણ નકામુંજ છે. એમાં કશો લાભ થતો નથી. માટે ઉપયોગપૂર્વક સાંભળી તે ભાવાર્થ મગજમાંથી જવા ન દેતાં, સંગ્રહી રાખવો તે ગ્રહણ નામનો બુદ્ધિનો ચોથો ગુણ છે.

૫ ઈહા [illegible] પૈસા [illegible] વિચાર કે આ પૈસા નીતિના છે કે અનીતિના? [illegible] કઈ રીતે પેદા કર્યા છે? [illegible] અને [illegible] [illegible] ધ્યાનપૂર્વક [illegible] સાંભળી મગજમાં [illegible] બુદ્ધિથી વિચાર કરવો કે આ [illegible] [illegible] બુદ્ધિનો પાંચમો ગુણ છે.

[illegible]

બોલ સોળમો

અજીર્ણ હોય ત્યાં સુધી ભોજન કરવું નહિ.

[illegible]

[illegible]

[illegible]

શાસ્ત્રમાં અનાજને ઔષધિ કહેલ છે. અનાજને ઔષધ તરીકે [ક્ષુધા વેદનીય ભૂખ શાંત કરવા નિમિત્તે] નિયમિત સ્વાદ કર્યા વગર ખાનારને ઘણે ભાગે રોગાદિ ઉપદ્રવો થવા ન પામે. વિવેકી, વિચારવંત માણસ કકડીને ભૂખ લાગે ત્યારેજ પોતાના ઘરે કે પારકે ઘરે અનુકૂળ અને નિયમિત સાત્વિક સાદો ખોરાક દૂધ, ઘી, ઘઉં, ચોખા, મગ, પાકાં ફળ, મેવો વિગેરે ખાય. ભૂખ લાગવા માટે શરીરને વ્યાયામ-કસરત અગર મહેનતવાળું કામ આપવાની જરૂર છે. અંગમહેનત કરવાથી જઠરાગ્નિ સતેજ થાય છે, ખૂબ ભૂખ લાગે છે અને લુખો કે ટાઢો [સ્વાદ વગરનો] ખોરાક ખાતાં મીઠો લાગે છે, તેમજ તરત પાચન થઈ જાય છે.

ખાધેલું અનાજ બરાબર પચી જાય અને પાછી ટાણા ઉપર બરાબર ભૂખ લાગે તોજ ખાધું કહેવાય અને એવો ખોરાક શરીરને ગુણ કરે પુષ્ટ-બળવાન બનાવે છે. શરીરમાં રોગાદિકની ઉત્પત્તિ થવા પામતી નથી. પ્રતિકૂળ ભોજન લેવાથી પુંડરીક કુંડરીકની પેઠે વિક્રિયા થવા પામે છે. આવું સમજી વિવેકી માણસે મહેનત કરી ભૂખના પ્રમાણમાં સાત્વિક પ્રકૃતિને અનુકૂળ, સાદું અને નિયમિત ભોજન લેવું જોઈએ. આ માણસાઈનો ૧૭મો ગુણ થયો.

વચન ને કાયારૂપ] એ પાંચ પ્રમાદ તે (પાપને આવવાનાં ગરનાળાં રૂપ] આશ્રવ છે એમ વિચારવું તે આશ્રવ ભાવના કહી.

૮ સમકિત [ખરા વસ્તુ સ્વરૂપ યથાર્થ સમજાય એટલે સાચાને સાચું અને ખોટાને ખોટું જાણું તે], વ્રત નિયમ, અપ્રમાદ, અકષાય અને શુભયોગ એ પાંચ આવતાં કર્મને રોકનારા કમાડ રૂપ સંવર છે એમ વિચારવું તે સંવર ભાવના જાણવી.

૯ સાનશીપના જ્ઞાન સમજણપૂર્વક, કોઈ જાતની લાલસા વગર, બાર પ્રકારની તપસ્યા કરવાથી કર્મની નિર્જરા થાય છે એમ વિચારવું તે નિર્જરા ભાવના જાણવી.

૧૦ [illegible] પુરુષના દેહની માફક આ-કારમાં રહ્યા છે પરંતુ ચૌદ રાજલોક આકાશ શું અને આ લોકનું સ્વરૂપ કઈ સ્થિતિમાં છે? પગ પહોળા કરી કેડ ઉપર હાથ રાખી ઊભેલા મનુષ્યના આકારે આ ચૌદ રાજલોકમાં નીચે ભવનપતિ વાણવ્યંતર અને સાત નરક છે, વચ્ચે અસંખ્ય દ્વીપ સમુદ્રો આવી રહ્યા છે, ઉપર જ્યોતિષચક્ર, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન અને તે ઉપર અનંત સુખનું ધામ એવી સિદ્ધશિલારૂપ સિદ્ધ ક્ષેત્ર છે એમ વિચારવું તે લોકભાવના જાણવી.

૧૧ અનંતકાળ રખડતાં રખડતાં જીવને સમ્યક્ જ્ઞાનમય આદિ સમકિતની પ્રાપ્તિ થવી એ ઘણું દુર્લભ છે, અને તેના વગર મોક્ષની પ્રાપ્તિ નથી માટે [illegible] એમ વિચારવું તે બોધિ ભાવના.

૧૨ [illegible] પ્રાપ્તિ [illegible]

[illegible]

બોલ ઓગણીસમો

અતિથિ, દીન પુરૂષોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરવો

'ગુણિજનની ભક્તિ કરવી રૂડી પેરે

દયા, સત્ય, સંતોષ, સહનશીલતા, વિનય-નમ્રતા, સરળતા, ઉદારતા, પરોપકાર અને સમભાવ વિગેરે સદ્ગુણો સહિત એવા ત્યાગી કે ગૃહસ્થની અભેદ ભાવે ભય જીગરથી સેવાભક્તિ કરવી. અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભેષજ, પાટ-પાટલા પ્રમુખ આસન વિગેરે આપવારૂપ સન્માન કરવું 'આવો, પધારો' કહેવું, ઉઠીને ઉભા થવું અને હાથ જોડી પ્રણામ કે નમસ્કાર કરવારૂપ આદરસત્કાર કરવો. આપત્તિમાં તન, મન ને ધનથી સહાયતા કરવી એ પ્રમાણે ગુણિજનની ભલી રીતે ભક્તિ કરવાથી તેવા સદ્ગુણો આત્મામાં પ્રગટે છે આ નીતિ માર્ગાનુસારીના ઓગણીસમા ગુણ કહ્યો.

—

પોતાનો સ્વાર્થ સાધવા અને પરના ઘર ભાંગવાની ઇચ્છાવાળા લોકો જે માણસ સાધારણ નબળી શક્તિ કે સ્થિતિવાળો હોય તેની પાસેથી પણ ફુલાવીને, ખોટો ટેકો આપીને, વખાણ કરીને કે દબાણ કરીને ગજા ઉપરાંત કામ કરાવે પરિણામે લોકોની આવી પ્રેરણાથી કામ કરનાર માણસ 'ગજા પ્રમાણે મળ' ન કરતાં ગજા ઉપરાંત કામ કર્યા પછી કે કામ કરતાં આપત્તિમાં આવી પડે, તન મન કે ધનની ખુવાર થાય અને લાજ જવાનો વખત આવે ત્યારે પ્રેરણા કરનાર ઉંધે રસ્તે દોરનાર માણસોની મદદ માગે એટલે તે લોકો તમાશાની પાસે જઈ બેસી જાય, નમસ્કારે નહિ, ઊલટો તે બાનું કાઢી છૂટી જાય.

માટે તેવા લોકોને ભરોસે ન રહેવું. શરીરબળ, મનોબળ, આત્મબળ અને ધનબળ વિગેરે પોતાની શક્તિ, સંયોગો, સાધન અને સમય વિચારીને જે માણસ 'ખુવારની શાહીની પેઠે' [illegible] કામ કરે તેને પશ્ચાત્તાપ કરવો ન પડે.

તમજ પારમાર્થિક કાર્યો કરવાની પોતાની શારીરિક, માનસિક, આત્મિક કે આર્થિક શક્તિ હોય તો તે ગોપવવી નહિ. સાધન અને સંયોગો વિગેરે અનુકૂળ હોય છતાં પણ ગજા, પરોપકારી માણસની સલાહ લઈને પરોપકારનાં કામ કરવામાં પાછી પાની ન કરે તે માણસ માણસાઈવાળો ગણાય. એ માર્ગાનુસારીનો ૨૩ મો બોલ કહ્યો.

[illegible]

પરાયાં દુઃખ જાણવાની કે પરોપકાર કરવાની દરકાર પણ હોતી નથી. જેની રગેરગમાં પ્રાણી-માત્ર તરફ દયા, પ્રેમ, મૈત્રી અને સમભાવના પૂર વહેતાં હોય; સત્ય, સંયમ, સંતોષ, ક્ષમા, ગંભીરતા, સરળતા, નમ્રતા અને ઉદારતા વિગેરે સદ્ગુણો જેના આત્માને ઉજ્જવળ બનાવતા હોય; તેવો માણસ પરોપકાર કરી શકે છે.

પરોપકાર કરનાર માણસ દિવસ કે રાત જુવે નહિ. ભૂખ, તૃષા, ટાઢ, તાપ વિગેરે આનંદથી વેઠે છે. શરીરના કષ્ટોને કે ધનના વ્યયને જોતો નથી. સ્વજ્ઞાતિ કે પર જ્ઞાતિ, સ્વદેશ કે પરદેશ, સ્વધર્મ કે અન્ય ધર્મ તેમજ સ્વકુટુંબ કે પર કુટુંબ વિગેરેના ભેદ પરોપકાર કરનાર ન જુવે. પરોપકારી માણસ પ્રત્યક્ષ દેખાતા દુઃખી કે કષ્ટમાં આવી પડેલા કોઈ પણ પ્રાણીને પોતાથી અપરિચિત હોઈ, અગર આબરૂદાર કે ખાનદાન કુટુંબ-કુળ કે નાતનો હોઈ, મદદ ન માંગે છતાં ભૂતભવિષ્યનો વિચાર ન કરતાં વર્તમાન સ્થિતિનો અનુભવ કરી દુઃખમાંથી કે કષ્ટમાંથી બચાવવા તન, મન, વચન ને ધનથી અનેક પ્રયાસ કરે છે

પરોપકારી માણસ દુઃખમાં-આપત્તિમાં કોઈપણ પ્રસંગમાં આવી પડેલ કે નિરાધાર જીવને કોઈ જાતના બદલાની આશા વગર [illegible] ભાવના કરે છે. દુઃખીને ધન, રોગીને દવા, ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, [illegible]

આમ પરોપકારી મનુષ્ય દેશના મનુષ્યોનો, ધર્મનો અને અતિ પોતાના આત્માનો પણ ઉપકાર-ઉદ્ધાર કરી શકે છે.

પરને શરીરાદિ સંબંધી જે મદદ કરવી તે દ્રવ્ય ઉપકાર અને પરને આત્માનું જ્ઞાન કરાવી આત્મસાધનાના માર્ગે સમ્યક્ચારિત્રસ્થિર કરવા તે ભાવ ઉપકાર. એમ બે પ્રકારે પરોપકાર બની શકે છે.

જગતમાં ધાન્યના પાકનું રક્ષણ કરવામાં પુરુષના આકાર જેવા ઉભા કરેલા ચાડીયા, અનાજ-ધાન્યનું રક્ષણ કરવામાં રાખ અને માણસનું શત્રુ થકી રક્ષણ કરવામાં મોઢામાં લીધેલું તરણું-તરખલું મદદગાર થાય છે. જ્યારે ઉત્તમ મનુષ્ય જન્મ પામ્યા છતાં પરનું રક્ષણ નહિ કરનાર મનુષ્ય એવા, રાખ અને તરખલા કરતાં પણ હલકી કોટીનો ગણાય. પરોપકાર નહિ કરનાર મનુષ્ય પૃથ્વીને ભારભૂત ગણાય. સ્વાર્થી મનુષ્યો તો જગતમાં સંખ્યાબંધ હોય છે, પરંતુ પર ઉપકાર કરનાર ઉત્તમ પુરુષો તો વિરલાજ હોય છે. પરોપકાર કરનાર પુરુષ ચંદ્ર, સૂર્ય, વૃક્ષ અને વૃષ્ટિની પેઠે કોઇના રોક્યા રોકાતા નથી. માટે આ પ્રમાણે જે પોતાનાં સો કામ છોડીને પણ વગર વિલંબે ઉત્સાહથી પર ઉપકાર કરે છે તે માણસ માણસાઇવાળો ગણાય છે. એ નીતિમાર્ગાનુસારીનો તેત્રીસમો ગુણ સમજવો.

એ જાતેજ વૈરી [illegible] દ્રવ્યસંગ્રહ, રૂપલાવણ્ય, કામભોગ, [illegible] ધનધાન્ય સ્ત્રીપુત્રાદિ કુટુંબ તથા [illegible] વિગેરે [illegible] [illegible] [illegible] [illegible] ધીરે ધીરે મન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ [illegible] પ્રકાર [illegible] ઉત્પન્ન [illegible] ભાવ શત્રુઓ છે.

[illegible] ભાવ શત્રુ [illegible] નથી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ભાવ શત્રુ [illegible]

અભ્યંતર શત્રુએ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

માન

[illegible]

અભિમાની માણસ ગમે તે રીતે પ્રપંચ કરીને પોતાનું વચન મનાવવા પ્રયત્ન કરે છે. વાચાલથી બીજાને પોતાને વશ કરી પોતાનો કક્કો ખરો કરે છે. પોતાના મનમાં શાસ્ત્ર સંબંધી કોઈ પણ શંકા હોય તો પણ માનભંગના ભયથી કોઈને પૂછી શકતો નથી. ગુરુ કે વડીલોનો વિનય કરી શકતો નથી. તેમજ કરેલા ઉપકારને ભૂલી જાય છે. દુનિયામાં વગોવાય-નિંદાય છે. વિનય ન હોવાથી વિદ્યા કે જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. તો પછી ત્યાગ-તપ વિગેરે શુદ્ધ યથાર્થ ધર્મક્રિયાનું આચરણ તો કરીજ ક્યાંથી શકે? માટે વિશેષ સમ્યગ્જ્ઞાન મેળવી આવા માનને આત્મહિતેચ્છુએ તજીને વિનય-નમ્રતાવાળા બનવું જોઈએ.

મદ

માન અને મદ કેટલીક રીતે સમાન છે, છતાં વસ્તુ સ્વરૂપે ભિન્ન જુદાં છે. અમુક અમુક બાબતોની સર્વમાન્ય ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થતાં જે થાય તે મદ અને પોતાની તથા અમુક અંશે બીજાની દ્રષ્ટિએ કોઈ પણ બાબતમાં પોતામાં શ્રેષ્ઠતા માનવી તે માન. દાખલા તરીકે જાતિ, કુળ, બળ, રૂપ, તપ, લાભ, પ્રજ્ઞા-બુદ્ધિ યા શાસ્ત્ર અને ઠકુરાઈ-મોટાઈ-શ્રીમંતાઈ વિગેરે બાબતો ઉત્કૃષ્ટ મળતાં માણસ તેના છાકમાં છકીને ફુલાઈ જાય તે મદ કહેવાય છે.

જ્યારે કોઈ માણસના મુખથી પોતાની પ્રશંસા સાંભળવાથી પોતામાં મનથી માની લીધેલા ગુણોને લઈ, નિર્ભયતા, વાચાળતા અને ઉદ્ધતાઈને લઈ; ચાલાકતાવાળી દરેક વ્યક્તિને પણ જવાબ દેવાની હિંમત હોવાથી તેમજ ગુરુ મિત્ર કે ન હોય છતાં કોઈએ વખાણવાથી, વિગેરે કારણોથી ફુલાવું-છાતી કાઢીને ચાલવું, પોતાનું ધાર્યું કરવું, ગુરુ-વડીલાદિકને પણ ન ગણકારવું તેમનું અપમાન કરવું તે અભિમાન કહેવાય છે. અભિમાની માણસ ગમે તેવાં ભૂંડાં કામ કરે છતાં પોતાનો બચાવ કરવાની કે પોતાનો બચાવ કરવાની યુક્તિઓ [illegible] છે. માન અને મદ બંને જ્યારે પોતાના સ્વરૂપમાં [illegible]

પોતાની જાતિ બ્રાહ્મણ વિગેરેનો-મદ કરનારને બીજા જન્મમાં નીચ જાતિ ચંડાળ વિગેરે પ્રાપ્ત થાય છે કુળ ઉચ્ચ-કુળનો મદ કરનારને નીચ ગોત્રકુળ સાંપડે છે. બળ શરીર સંબંધીનો મદ કરનાર નિર્બળ બને છે. રૂપનો મદ કરનાર રૂપ, સૌભાગ્ય, સુન્દરતા વગરનો થાય છે તપશ્ચર્યાનો મદ કરનારનું તપ નિષ્ફળ જાય છે અને બીજા ભવમા તપ કરવાની શક્તિ મળતી નથી લાભ અથવા ધન [મદ] જ્યાં હાથ નાંખે ત્યાં હારી જાય કોઈ દાવ નિષ્ફળ ન જાય. અવળા પાસા નાખું તો પણ સવળાજ પડે વિગેરે[નો] મદ કરનારને કોઈ વખતે એવો ધક્કો લાગે છે કે આગળનું કમાવેલુ અને ઘરમાં સોડું બધું દ્રવ્ય મૂળમાંથી ચાલ્યું જાય છે, નિર્ધન બની જાય છે પછી શરમથી માથું ઉચું કરીને ફરવું ભારે પડે છે

પ્રજ્ઞા-બુદ્ધિ કે વિદ્યાનો મદ કરનાર પોતાથી અધિક વિદ્વાન માણસને માન-આદરસત્કાર આપી શકતો નથી, પરંતુ તેનું અપમાન-અનાદર કરે છે. પોતે વિશેષ જ્ઞાન મેળવી શકતો નથી ગર્વિષ્ઠ હોવાથી શંકા પડવા છતાં તે બીજાને પૂછી શકતો નથી. એમ ધીમે ધીમે પોતાની વિદ્યા કે જ્ઞાન ખોઈ બેસે છે અને આવતા ભવમાં નિરક્ષર-અજ્ઞાની-બુદ્ધિ વગરનો ઠોઠ બને છે

ઠકુરાઈ, મોટાઈ, શ્રીમંતાઈ કે સત્તાનો મદ કરનાર અનીતિના માર્ગે ચડી આ ભવ કે પર ભવમાં દરિદ્રી, દીન દુઃખી કે નિરાધાર બને છે. આવું સમજી કઈ વસ્તુનો મદ-ગર્વ કરવો?, શા માટે મદ કરવો? મદ કોનો ટકી રહ્યો છે?, રાવણ જેવા શક્તિમાન રાજાઓ મદ કરવાથી મરણને શરણ થયા તો અલ્પ શક્તિવાળા પામર જીવોનો ગર્વ ક્યાં સુધી ટકવાનો છે? તેનો વિચાર કરી વિવેકી માણસે આઠે પ્રકારના મદથી દૂર રહેવું જોઈએ.

લોભ

જરૂરીયાત ઉપરાંત સંગ્રહ કરવાની વૃત્તિ તે લોભ. દાન દયા-પાત્ર મનુષ્યોને દાન ન આપવું અને વગર કારણે ધનનો સંચય કરવા તૈયાર થવું તે લોભ કહેવાય છે પોતાની પાસે પોતાની જીંદગીની જરૂરિયાતથી પણ

અધિક સંપત્તિ હોવા છતાં જરૂરિયાતવાળા જીવોને દાનની [illegible] પણ પરભવની ભાવનાથી કે પુણ્ય નિમિત્ત યોગ્ય જીવોને જે માણસ કંઈ પણ આપતો નથી તે લોભી કહેવાય છે.

ઈચ્છાઓ કોની પૂરી થઈ છે? ધનના પોટલા બાંધી [illegible] સાથે લઈ જનાર છો? મરતા માણસને [illegible] કહ્યું છે? વિવેક વિચાર લોભી માણસને આવતો નથી. [illegible] લોભી મિત્રોથી દૂર રહે છે. લોભી માણસ ધર્મ કાર્યનો [illegible] નથી જનસેવા કે દેશ સેવાના કાર્યથી પણ દૂર જ નાસે છે.

લોભી માણસની ચિત્તવૃત્તિ હમેશાં ધન કે ઈચ્છિત વસ્તુ મેળવવાની અને મેળવેલાનું રક્ષણ કરવાની ફિકરમાં રહ્યાં કરે છે તેને કોઈ પણ પ્રકારે સંતોષ વળતો નથી. કહ્યું છે કે

જો દશવીસ પચ્ચાસ ભયે,
શત હોય હજાર તો લાખ મગેગી,
કોટી અરબ ખરબ મિલે [illegible],
ધરાપતિ હોનેકી ચાહ જગેગી.
સ્વર્ગ મૃત્યુ પાતાલકા રાજ,
કરો તૃષ્ણા અતિ આગ લગેગી.
સુંદર એક સંતોષ બિના,
શઠ! તેરી તો ભૂખ કભુ ન ભગેગી

ઈચ્છા અનંતી છે, તેટલી સામગ્રી એક જીવને મળી શકતી નથી લોભને થોભ હોય જ નહિ.

[illegible] પ્રમાણે [illegible] નહિ [illegible]. [illegible] નહિ [illegible]

કુટુંબીનો વિયોગ વિગેરે સહન કરે. છતાં તપ ત્યાગ વિગેરે ધર્માનુષ્ઠાન કરવાની ભાવના ન થાય.

અતિ લોભ એ પાપનું મૂળ છે. લોભને વશ થઈ ન કરવાનાં કામ- હિંસા, જુઠ-કુડ કપટ, ચોરી, જુગાર, વ્યભિચાર વિગેરે કરે છે આ લોકમાં નિંદાને પાત્ર બને છે અને પરભવમાં પણ દુર્ગતિનાં દુઃખ ભોગવવાં પડે છે. માટે પૌદગલિક સુખનાં સાધનોમાં સંતોષ ધારણ કરવાની જરૂર છે પરંતુ સ્વપરને હિતકારી કાર્યોમાં વિશેષ અભિલાષા રાખવી એ અસંતોષ યા લોભ ન કહી શકાય

જેમ બને તેમ થોડા સાધનથી જીવનનિર્વાહ કરવા તરફ કાળજી રાખવી એ સહુ કોઈની ફરજ છે. પરંતુ નિરૂદ્યમી બની પારકા વૈભવ ઉપર તાગધિન્ના કરવા એ સંતોષવૃત્તિ ન ગણાય. માટે નીતિપૂર્વક, કોઈની આજીવિકાને ધક્કો ન લાગે તે રીતે ઉદ્યમ કરતાં પૂર્વ કર્મના [પુણ્યના] યોગે જે મળે તેમાં સંતોષ રાખવો ઘણી હાય વોય કે ઝંખના કરવાથી કંઈ અધિક મળી જતું નથી એવું સમજી સંતોષ ધારણ કરવો. સંતોષથીજ લોભ જીતાય છે

હર્ષ

કોઈપણ પૌદગલિક સુખના લાભાદિ પ્રસંગે અજ્ઞાની માણસો અત્યંત હર્ષ ધારણ કરે છે કોઈ પણ માણસ બૂરી હાલતમાં આવી પડ્યો હોય તથા પોતાનો દુશ્મન દુઃખી થયો કે મરણ પામ્યો જુએ યા સાંભળે અથવા વગર કારણે બીજાને દુઃખ ઉપજાવી, જુગાર રમી, શિકાર કરી કે વેશ્યાગમન વિગેરે વ્યસનો સેવીને રાજી થવું, મલકાવું તે પણ હર્ષ ગણાય છે મલીન વાસનાનાં સંસ્કારવાળા અને રૌદ્ર પરિણામવાળા નિર્દય જીવોજ બીજાને દુઃખી કરીને હર્ષ પામે છે આ રૌદ્ર ધ્યાનનું પરિણામ છે

કોઈકોઆ માણસ જેમ માખણના કટકાને [illegible] થવાની રાહ જુવે છે તેમ [illegible] મનુષ્યો પોતાના [illegible] પરણવાની [illegible] પુરુષોને પણ [illegible] મનુષ્યના [illegible] ઉત્તમ મધ્યમ અને અધમપણાના નિર્ણય [illegible]

શું સાંભળવું અને કેવું સાંભળવું?, જે સાંભળવાથી ચિત્તને શાંતિ થાય, આત્મામાં રહેલા અવગુણો જણાય, સન્માર્ગે ચડાય, કર્મ બંધન ન થાય અને રાગદ્વેષ ઘટે તેવું સાંભળવું. કદાચ આત્માને અશાંતિ થાય તેવું સાંભળવાનો પ્રસંગ આવે તો કાન બંધ કરી દેવા અગર ત્યાંથી ચાલ્યા જવું, પરંતુ તેવા શબ્દો લક્ષ્યમાં ન રાખવા. રાગ દ્વેષને દબાવી, બોલનારની અજ્ઞાનતા જાણી સમભાવ રાખવો. રાગરંગ સાંભળવાના રસીયા ન થવું કારણ કે તેથી મૃગલાની પેઠે પાયમાલી થાય છે

ચક્ષુરિન્દ્રિય

ચક્ષુરિન્દ્રિય-આંખ. આંખથી જોઈ શકાય છે સાધુપુરુષોનાં દર્શન કરી શકાય છે જીવદયા પાળી શકાય છે. સારાં નીતિ કે ધર્મના પુસ્તકોનાં અભ્યાસ તથા વાંચન કરી આત્માને સન્માર્ગે ચડાવી શકાય છે અને આંખ દ્વારા આત્માની મુક્તિ પણ થાય છે બીજી રીતે એ આંખો દુર્ગતિનું કારણ પણ બને છે

નાટક ચેટક જોવાથી, સ્ત્રીઓને વિષય બુદ્ધિએ નિરખવાથી, ગુનેગારને અપાતી ફાંસી શૂળી વિગેરે જોવાથી, ક્રુર માણસો વડે કરાતી પંચેન્દ્રિય જીવોની ઘાત જોવાથી, કજીયા-યુદ્ધ વિગેરે જોવાથી અને મનુષ્ય કે પશુઓની સેવાતી વિષય-ક્રીડા જોવાથી આત્મા ઉન્માર્ગે દોરાય છે કર્મબંધન થાય છે વેર વિરોધ વધે છે ચિત્ત ચગડોળે ચડે છે અને છેવટ દુર્ગતિને વરે છે

આંખ એ જ્ઞાની છે માણસના ચહેરા ઉપરથી તેનાં સારાં નરસાં લક્ષણો જાણી શકે છે શત્રુ મિત્રને ઓળખી શકે છે પૂર્વજન્મના સંબંધીને કે જે આ જન્મમાં તદ્દન અપરિચિત હોય તેને જોતા અત્યંત પ્રેમ જાગે છે અને પૂર્વજન્મના દુશ્મનને જોતા તેના ઉપર ક્રોધ આવે છે તેમજ તેને જોવું પણ ગમતું નથી આમ આંખથી સદ્‌ગુણ અને દુર્ગુણ બન્ને થાય છે માટે દરેક માણસે સદ્‌ગુણ વધે તેવો આંખનો સદુપયોગ કરવો, પણ પતંગીયાની પેઠે દુરુપયોગ ન કરવો.

શું સાંભળવું અને કેવું સાંભળવું?, જે સાંભળવાથી દિલને સંતોષ થાય, આત્મામાં રહેલા અવગુણો જણાય, સન્માર્ગે ચડાય, કર્મ બંધન ન થાય અને રાગદ્વેષ ઘટે તેવું સાંભળવું કદાચ આત્માને અશાંતિ થાય તેવું સાંભળવાનો પ્રસંગ આવે તો કાન બંધ કરી દેવા અગર ત્યાંથી ચાલ્યા જવું, પરંતુ તેવા શબ્દો લક્ષમાં ન રાખવા રાગ દ્વેષને દબાવી, બોલનારની અજ્ઞાનતા જાણી સમભાવ રાખવો રાગરંગ સાંભળવાના રસીયા ન થવું કારણ કે તેથી મૃગલાની પેઠે પાયમાલી થાય છે

ચક્ષુરિન્દ્રિય

ચક્ષુરિન્દ્રિય-આંખ. આંખથી જોઈ શકાય છે સાધુપુરૂષોનાં દર્શન કરી શકાય છે જીવદયા પાળી શકાય છે સારાં નીતિ કે ધર્મના પુસ્તકોનાં અભ્યાસ તથા વાંચન કરી આત્માને સન્માર્ગે ચડાવી શકાય છે અને આંખ દ્વારા આત્માની મુક્તિ પણ થાય છે. બીજી રીતે એ આંખો દુર્ગતિનું કારણ પણ બને છે

નાટક ચેટક જોવાથી, સ્ત્રીઓને વિષય બુદ્ધિએ નિરખવાથી, ગુનેગારને અપાતી ફાંસી શૂળી વિગેરે જોવાથી, ક્રૂર માણસો વડે કરાતી પંચેન્દ્રિય જીવોની ઘાત જોવાથી, કજીયા-યુદ્ધ વિગેરે જોવાથી અને મનુષ્ય કે પશુઓથી સેવાતી વિષય-ક્રીડા જોવાથી આત્મા ઉન્માર્ગે દોરાય છે કર્મબંધન થાય છે વૈર વિરોધ વધે છે ચિત્ત ચગડોળે ચડે છે અને છેવટ દુર્ગતિને વરે છે

આંખ એ જ્ઞાની છે. માણસને જોઈને તેનાં સારાં-નરસાં લક્ષણો જાણી શકે છે શત્રુ મિત્રને ઓળખી શકે છે પૂર્વભવના સંબંધીને [જે આ ભવમાં તદ્દન અપરિચિત હોય તેને] જોતાં અત્યંત પ્રેમ જાગે છે અને પૂર્વભવના દુશ્મનને જોતાં તેના ઉપર ક્રોધ આવે છે, તેમજ તેને જોવું પણ ગમતું નથી. આમ જોવાથી સદ્ગુણ અને દુર્ગુણ બંને વધે છે માટે દરેક માણસે સદ્ગુણ વધે તેવી રીતે આંખનો સદુપયોગ કરવો, પણ પતંગીયાની પેઠ દુરુપયોગ ન કરવો.

[illegible] આગમાં સંભાળ ન રાખે તો આખા શરીરને રોગાદિક થવાનું કારણ બને. [illegible] ન રહે તો [illegible] કફ, પિત્ત, વગેરે વિકાર [illegible] કરે.

આ જીભના સ્વાદ પોષ અને બોલવામાં સંયમ ન રાખવાથી [illegible] શરીર પણ [illegible] રોગમાં રસિક બનાવી [illegible] કેવી રીતે થાય છે? [illegible] બોલવામાં વિવેક, નમ્ર અને વિચારપૂર્વક [illegible] ઉપર કાબુ મેળવાય છે અને ખાવામાં 'ખાવા માટે જીવવું નથી પણ જીવવા માટે ખાવું છે' એમ સમજી થોડો [illegible] અને નિયમિત [illegible] અને [illegible] થાય છે [illegible] નથી અને [illegible] ન થાય. આવું [illegible] સમજી [illegible] જીભ ઉપર ખાવા અને બોલવામાં કાબુ રાખો.

એ કે જીભ [illegible] ઉપરાંત [illegible] પણ ખાવાની ટેવ ન રાખવી. [illegible], [illegible] તે ખાવું એ તો જનાવરની રીત છે. આરોગ્ય અને પાચન થાય તેવું જરૂરિયાત પૂરતું નિયમિત ખાવાથી પાચન બરાબર થાય અને રોગાદિ ઉપાધિ ન થાય. દવાઓના ખર્ચા ન કરવા પડે અને શાંતિ રહે.

કોઈ પણ વખતે મોઢામાંથી દુઃખ વચન-અપશબ્દ ન કાઢવાં. અને સાંભળનારને પ્રિય ઉપજે તેવું બોલવું. અસત્ય બોલવાની [illegible] પણ ટેવ ન રાખવી. "હું આમ કરીશ, તેમ કરીશ, અમુક સ્થળે જઈશ" વિગેરે નિશ્ચયકારી ભાષા પણ ન બોલવી. શું કરવું કે શું થવું? એ છદ્મસ્થ ન જાણી શકે. ત્રિકાળ જ્ઞાની અથવા વચનસિદ્ધિ પુરુષનું જ વચન પળી શકે. માટે જીભ ઉપર બોલવા તથા ખાવાપીવામાં ખાસ સાવધાનતા રાખવી.

સ્પર્શેન્દ્રિય

સ્પર્શેન્દ્રિય શરીર. સ્પર્શેન્દ્રિય એટલે ઉપર બતાવેલ ચાર ઈન્દ્રિય સિવાય શરીરના ભાગ હાથ, પગ, [illegible] છાતી, [illegible] વિગેરે વગેરે સમજવું

કોઈને ટાઢ ઉનાળો, ભૂખ કે ચોગુનો, ભારે કે હળવાનો અને ખરબચડ કે સુંવાળાપણાનો અનુભવ થાય છે. હાથ, પગ અને માથું એ સાધનરૂપ કાર્યમાં મદદગાર બને છે. જેમ કે હાથથી દાન દેવાય, દયા પાળી શકાય, કોઈને મારી શકાય, સારા કામમાં કોઈને મદદ આપી શકાય, કોઈની સેવા-ચાકરી કરી શકાય અને બંને હાથ જોડી મસ્તકે ચઢાવી સાધુપુરુષોને તથા વડીલ વિગેરે પૂજ્ય પુરુષોને સદભાવે વંદન-નમન કરી શકાય છે. તેમજ હાથથી [illegible] કોઈને મરાય અને દરેક વસ્તુ ઉપાડવા-મૂકવામાં મદદ મળે

પગથી પગલાં ભરી સારાં યા નરસાં કાર્યો કરાય છે. ચોરી, હિંસા, વ્યભિચાર અને એવાં બીજા ભૂરાં કાર્યોમાં પગ મદદ કરે છે. તેમજ ગુરુ મંદિરમાં દર્શન કરવામાં, જીવોની દયા પાળવામાં, જીવોને બચાવવામાં અને એવાં બીજા પરોપકારાદિ સત્કાર્યો કરવામાં પણ પગની સહાયતા જોઈએ.

માથું ધોળુંકેશ વિગેરે જોઈને કરી જાય, ધન વિગેરેના મદથી અક્કડ બની જાય તેમજ ગુરુ અને વડિલ પ્રમુખને જોઈને નમે છે. આમ શરીરનાં દરેક અંગો કોઈને કોઈ શુભાશુભ કાર્યમાં પ્રવૃત્ત રહેલાં હોય છે. એ દરેક અંગોને કયે માર્ગે પ્રવર્તાવવાં તે સમજી અને જાણીને જેમ બને તેમ શુભ કાર્યમાં પ્રવર્તાવવાં

[illegible] ગુરુ વડિલ [illegible] તેમજ પૂજ્ય [illegible] મનુષ્ય કે પશુ પક્ષી વિગેરેની અનેક પ્રકારે સેવા [illegible] "[illegible] સેવા તે મને મેવા" [illegible]
[illegible]

નોઇન્દ્રિય

નોઇન્દ્રિય-મન. પાંચે ઇન્દ્રિયોનો નાયક મન છે. મન ઇન્દ્રિયોને જે રસ્તે દોરે તે રસ્તે દોરાય છે. મન એટલે સાગનરસા વિષયો કે કામો તરફ ઇન્દ્રિયોને પ્રેરણા કરનાર વૃત્તિ. મન એ કર્મ બંધ અને કર્મ મુક્તિનો હેતુ છે એ મન જીતાય તોજ મોક્ષમાર્ગે પ્રગતિ કરી શકાય પણ મનને જીતવું બહુ મુશ્કેલ છે. મન એ પવનવેગી છે. ધ્વજા, વાંદરૂ, હાથીનો કાન અને અશ્વની ગતિ કરતાં પણ મન વિશેષ ચપળ છે. ધ્વજા, પવન બંધ થાય એટલે સ્થિર થઈ જાય. હાથી, વાંદરૂ કે ઘોડો બેભાન બને તોજ તેના સંબંધી ક્રિયા અટકે. તેમ મનને આત્મિક હિત સાધક ક્રિયા-સાધન વડેજ વશ સ્થિર કરી શકાય.

જ્યારે માણસો નફા કે નુકશાનનું વાર્ષિક સરવૈયું કાઢતા હોય, નાણાં ગણતા હોય, કોઈ મનપસંદ પુસ્તકનું વાચન કરતા હોય કે પ્રિય વસ્તુનું નિરીક્ષણ કરતા હોય તેવે પ્રસંગે ચાલતી ક્રિયામાંજ માણસોનું મન તલ્લીન બની જાય છે. મગજના ભારથી તેલથી ટમોટમ ભરેલા વાટકામાંજ દૃષ્ટિ સ્થિર કરી ચોરાશી ચૌટામાં અનેક પ્રકારની રચનાઓની વચ્ચેથી પસાર થનાર પ્રધાનનું મન મન્ન વાટકામાંજ સ્થિર રહ્યું. કારણ કે જો ચિત્ત ચલાયમાન થાય, દૃષ્ટિ અને તેલનું એક પણ ટીપું જો નીચે પડે તો બંને બાજુ જે ઉઘાડી તલવાર તૈયાર હતી, એટલે ડોકું ઉતરી જવાનો ભય હતો. આવા પ્રસંગે પણ મન સ્થિર થઈ જાય છે છતાં એથી આ માને કશો લાભ નથી.

મન કેમ જીતાય?

[illegible]

૨. વળી જેને પોતાનાં લીધેલાં વ્રત નિયમો ભાંગવાનું-ખંડિત થવાનો ભય હોય; પ્રભુ અને ગુરૂની આજ્ઞા પાળવાની જેને ધગશ હોય અને જે હમેશાં પોતાની ટેક પાળવામાં સાવધાન હોય તેજ પોતાનું મન કબજામાં રાખી શકે.

૩. સામાયિક વિગેરે કરાતી ક્રિયાઓ શા માટે અને શી રીતે કરવાની છે?, એ કરવાનો હેતુ શો છે?, બોલાતા પાઠોના અર્થો શા છે?, એનો જે વિચાર કરે તે પોતાનું મન કબજે રાખી શકે.

૪. વાચતો અને સાંભળાતો ઉપદેશકોનો ઉપદેશ છિદ્ર-ગવેષી ન થતાં સાર લઈ જે પોતાના આત્મા ઉપર જ ઉતારે છે તે મનને વશ કરી શકે.

૫ લાકડા વિગેરેની માળા બાજોઠ કે પથરણા ઉપર ગોળાકારે સ્થાપી તેના ઉપરજ દ્રષ્ટિ રાખી નવકાર ૧૦૮ ગણે તે મનને સ્થિર કરી શકે.

૬. જે અનુપૂર્વી ચોપડીમાંથી અગર મોઢેથી નિત્ય ગણે તે ચિત્ત સ્થિર કરી શકે. જે દેવ, ગુરૂ કે પોતાને રૂચિકર, ઉપકારી પ્રિય હોય તેનું નિરંતર ઉઠતાં, બેસતાં, હાલતાં ચાલતાં નામ સ્મરણ-રટણ કરે તેનું મન સ્થિર થાય.

૭. જે પોતાની ઈન્દ્રિયોને સન્માર્ગે દોરવે તેનું મન વશ થાય. પોતાના કાનને સદ્ઉપદેશ સાંભળવામાં, ઉત્તમ પુરૂષોના ગુણગ્રામ સાંભળવામાં અને આત્મિક હિતશિક્ષા સાંભળવા વિગેરેમાં રોકે. આંખને ગુરૂ આદિક સત્પુરૂષોનાં દર્શન કરવામાં, આત્માને હિતકર સદ્ગુણવર્દ્ધક અને પ્રભુની વાણીથી ભરપૂર એવાં શાસ્ત્રો-પુસ્તકો વાંચવામાં, ભણવામાં અને જીવદયા પાળવામાં રોકે.

૮. નાસિકાથી સારા નરસા ગંધમાં રાગદ્વેષ ન આણતાં પુદગલના પરિણામનો વિચાર કરી સમભાવે વિચરે. જીભનો ખાવા-પીવા અને બોલવામાં પરિણામનો વિચાર કરી ખાવા-પીવા અને બોલવાનો રસિયો ન થતાં જીભને કાબુમાં રાખે. સ્પર્શેન્દ્રિય શરીરને ગમતા અણગમતા સ્પર્શ વખતે—

છેદન ભેદન તાડના, વધ બંધન દાહ,
પુદગલને પુદગલ કરે, તું તો અમર અગાહ.
કે જરા સાહસ આદરો

આ ભાવના ભાવે. અશુદ્ધ ખોરાક, પોષાક અને પીણાથી શરીરને ન પોષતાં જીવદયા, સેવાભક્તિ વિગેરે શુભ કાર્યમાં પ્રવર્તાવે તે પોતાનું મન વશ કરી શકે.

૯. ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષને સંસાર ભ્રમણના હેતુ જાણી, ક્ષમા, વિનય, સરળતા, સંતોષ અને સમભાવથી હઠાવે પારકી નિંદા એ પુણ્યના ખજાનાને લૂંટનાર છે જાણીને ત્યજે અને જે સદા પોતાના આત્માને ઉચ્ચ પદે લઈ જવાને શાસ્ત્રાભ્યાસ, સ્વાધ્યાય, શાસ્ત્રાર્થ વિગેરેનું ચિંતન કરવાદિક પ્રવૃત્તિમાં વિચરે તે મન વશ કરી શકે

૧૦. વેરઝેર મૂકી, કજીયા-કલેશ, કુસંપ વિગેરે દૂર કરી, જે દરેકની સાથે પ્રેમ ભાવથી, નમ્રતાથી, વિવેકથી અને બંધુભાવથી જીવન ગુજારે તેજ પોતાના મનને વશ કરી શકે છે.

૧૧. જો કે સર્વથા તો તેરમે ગુણઠાણે પહોંચેલા કેવળીઓજ મનને જીતી શકે છે, છતાં પણ એ સ્થિતિએ ન પહોંચાય ત્યાં સુધી તે કેવળ જ્ઞાન અને કેવળ દર્શનવાળી સ્થિતિને પહોંચી વળવા માટે ઉપરોક્ત સાધનો ગ્રહણ કરી જેટલે અંશે તે પ્રમાણે વર્તી મનને સાધી શકાશે તેટલું પણ કામનું છે.

એક ભવમાં એકાદ વખત પણ જો મનની સ્થિરતા થાય, આત્મિક લીનતા કે અપૂર્વ આનંદ ઉદભવશે તો પણ અનંત સંસાર કપાઈ જશે. ઉચ્ચ માર્ગે થોડું થોડું પણ નિરંતર ચાલતાં ધારેલે સ્થળે પહોંચી શકાશે. દરેક ધાર્મિક કે વ્યાવહારિક ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરતાં નિશાન ચૂકવું ન જોઈએ. હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? અહિંજ શા માટે ઉત્પન્ન થયો? આજ જાતિ, વેષ કે સંયોગો શા માટે મળ્યા? કઈ સ્થિતિ-દશામાં હાલ રહું છું? અને તે શા માટે? મારી ફરજ શી છે? મારો મિત્ર કે શત્રુ કોણ છે અને તે શા કારણથી?. આ વિગેરે બાબતોનો વિચાર કરવો એ પણ મન સ્થિર કરવાનું સાધન છે

જેનું મન વશ ન હોય-અસ્થિર હોય તે ઈન્દ્રિયોને વશ ન રાખી શકે ઈન્દ્રિયોના પ્રબળ વિકારને વશ થઈ ઘણા અનર્થ થાય તેવી રીત

વિષયમાં પ્રવૃત્તિ ન કરવી, તે ઈન્દ્રિયવિજય ગુણ ગૃહસ્થ માટે કહેવાય છે. સ્વચ્છંદપણે ઈન્દ્રિયોને પ્રવર્તવા ન દેવી, વિષયોનો નિરોધ કરવો. અમુક મર્યાદામાં ઈન્દ્રિયોના વિષયોને વાપરી મુકવા તે ઈન્દ્રિય નિરોધ છે. નહિ રોકવામાં આવેલી એક એક ઈન્દ્રિય પણ મહાન અનર્થને માટે થાય છે. ઈન્દ્રિયોને આધીન રહેવાથી [illegible] થાય છે. અધિકારથી પતિત થવાય છે અને [illegible] પણ નાશ થાય છે

ઈન્દ્રિયોને સર્વથા નજ પ્રવર્તાવવી એટલે આંખો બંધ રાખવી, કાનમાં પૂમડાં ભરાવી દેવાં, મોઢું બંધ રાખવું, નાકમાં છિદ્રો બંધ કરી દેવાં અને શરીરથી પડ્યું રહેવું બંધ રાખવું; તેનું નામ ઈન્દ્રિય વિજય કહેવાય નહિ. એમ [illegible] છે. ઈન્દ્રિયો પાસે આવેલા વિષયોના પદાર્થોને ઈન્દ્રિયો [illegible] વિના રહેવાની નથી

[illegible]

[illegible]

[illegible]

નથી, ઈચ્છાઓ ઘટતી નથી, અગ્નિમાં જેમ જેમ લાકડાં વધારે નાખીએ તેમ તેમ અગ્નિ વધારે પ્રદીપ્ત થશે. અગ્નિ બુઝાવવાનો તે રસ્તો નથી. અગ્નિ તો લાકડાં ઓછાં નાખવાથી કે નાખેલાં લાકડાં કાઢી નાખવાથીજ શાંત થાય છે. તેમ ઇન્દ્રિયોનો વિજય વિષયોને પોષણ આપવાથી થતો નથી, પરંતુ વિષયોને મર્યાદામાં-હદમાં લાવી મૂકવાથી, વિષયોની ઇચ્છા ઓછી કરવાથીજ તેનો વિજય થઈ શકે છે.

સુંદરતા ધારણ કરનારા શુભ વિષયો કોઈ નિમિત્ત યોગે અસુંદરતાવાળા અશુભ બની જાય છે અને અશુભતા ધારણ કરનારા વિષયો નિમિત્ત યોગે સુંદર કે શુભ બની શકે છે. તો કોના ઉપર રાગ કરવો અને કોના ઉપર દ્વેષ કરવો?

તત્ત્વથી વિચાર કરીએ તો પદાર્થોમાં શુભાશુભપણું નથી, પણ આપણા મનમાંજ શુભાશુભ સાપેક્ષપણું વિચારે રહ્યું છે. કેમકે એકનો એકજ વિષય કોઈ કારણથી આપણને સારો લાગતો હતો તે તો તેજ વિષય કાળાંતરે કે રૂપાંતર થતાં કારણવશાત્ થોડોજ અપ્રિય થઈ પડે છે અને જેના ઉપર આપણને અણગમો હતો, જેની આપણે ઇચ્છા પણ કરતા ન હતા, તેજ વિષય કોઈ પ્રસંગે એટલો બધો પ્રિય થઈ પડે છે કે તેનો ત્યાગ કરવો પણ ગમતો નથી.

પદાર્થો તો પોતાના સ્વભાવ પ્રમાણે પોતાનું સ્વરૂપ બતાવીને ઉભા રહેશે. તેમાં રાગદ્વેષ કરવો કે ન કરવો તે આપણા પોતાનાજ હાથમાં છે. મનને સુધારવાની કે સમજાવવાની જરૂર છે. પદાર્થો કાંઈ પોતાનો સ્વભાવ બદલાવીને સુધરી શકવાના નથી કે આપણે તેને સુધારી શકવાના નથી. ઇન્દ્રિયોને કાબુમાં ન રાખવી તેજ આપત્તિનો કુમાર્ગ છે અને તેનો જય કરવો તે સંપત્તિનો માર્ગ છે.

ઇન્દ્રિયોનો જય કરવો તે સ્વર્ગ છે અને ઇન્દ્રિયોને આધીન થવું તે નરક છે. [illegible]

શરીર એ રથ સમાન છે. ઈન્દ્રિયો એ ઘોડા સમાન છે. મન એ સારથી સમાન છે. આત્મા દેહ રૂપી રથમાં મોક્ષપુરીની સફર માટે બેઠેલો છે. ઈન્દ્રિય રૂપી ઘોડાઓને કાબુમાં રાખવાથી આ દેહ રૂપી રથ ધારેલે સ્થળે પહોંચાડી શકે છે. નહિતર તોફાની ઘોડાઓ ઉન્માર્ગે ઘસડી જઈ રખડતો કરી મૂકે છે. ગૃહસ્થ ધર્મ પાલન કરવા માટે ઈન્દ્રિયોના પ્રબળ વિષયોને પોતાના નિયંત્રણમાં રાખવા. ઈન્દ્રિયોને આધીન-ગુલામ બનેલો મનુષ્ય કદિ સુખી નથી.

આ પ્રમાણે પંચ ઈન્દ્રિયો અને મનને વશ ન કર્યાં તેને કાબુમાં કરવા માટે ઉપાય શોધે એ જીવોને સુધારવાનો ઉપાય છે. ચોરી વાંચવાથી કે વિચાર કરીને એક ભવને પણ તેની મુક્તિ કોઈ લાભ થતો નથી. પરંતુ જો ભવને ... ન ભવને ચેતી વાંચવાથી, સાંભળવાથી, વિચારવાથી અને વિચારીને આચરણમાં મૂકવાથી લાભ થાય છે. ઈન્દ્રિયો અને મનને વશ કરવા મનુષ્ય માનવ ... છે. જે નૈતિ-ધર્મનુસારીને ૩૫ ગુણ અને ... એક ... મળશે.

આ પ્રમાણે પંચેન્દ્રિય એક રથ નૈતિક જીવન સ્વચ્છતાપૂર્વકને ધારણ કરનાર મનુષ્ય સમ્યગ્દર્શન [સમકિત] પૂર્વક ગૃહસ્થ ધર્મ કે સાધુ ધર્મ રૂપી ધારણ કરવાને યોગ્ય બને છે.

જૈન સૂત્રો

— ઈતિહાસ અને સમીક્ષા

ભાગ ૧ લો—૧૯ પ્રકરણો.

છાપેલાં સૂત્રો, કાગળ, કાગળની જાતો, કાગળનું માપ, જૈન ધર્મનો ફેલાવો, સૂત્રોની ઉત્પત્તિથી પુસ્તકારૂઢ થયા સુધીનો ઈતિહાસ, સૂત્રોનું વર્ગીકરણ, સૂત્રો કોણે રચ્યાં, સૂત્ર કે આગમ, માન્યતા ભેદનું કારણ વિગેરે ૧૯ વિષયો ઉપર ઈતિહાસ, સમીક્ષા, માહિતી આપેલી છે.

ભાગ ૨ જો.

જૈનેતરોએ કરેલાં મોટાં ભાષાંતરો તથા રેવતી દાન સમાલોચના.

ભાગ ૩ જો.

નંદી સૂત્ર પ્રમાણે સૂત્રોનાં નામો, જુદા જુદા વર્ગ પ્રમાણે નામો, અલગ અલગ સંપ્રદાયની માન્યતા પ્રમાણેની વર્ગવાર યાદી, સૂત્રોનાં પદ વિગેરેની હકીકત, સૂત્રો અને તેના અધ્યયનોમાંના વિષયોની વિગત.

છુટક કિંમત રૂ ૩—૮—૦

જૈન સિદ્ધાંત માસિકના નવા ગ્રાહકોને ફક્ત રૂ ૨—૦—૦માં આપવામાં આવે છે